જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૧૭-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભાજપે 'મેં ભી ચોકીદાર અભિયાન' થકી લોકસભા ચૂંટણીનું બ્યૂગલ ફૂંક્યુ

૨૦૧૪ના 'ચાવાળા' મોદી ૨૦૧૯માં બન્યા 'ચોકીદાર'

વડાપ્રધાન મોદીએ પોતાના ટ્વિટર હેન્ડલ પર વીડિયો રજૂ કરી કેન્દ્ર સરકારના કાર્યોનો ઉલ્લેખ કર્યો,વડાપ્રધાને ૩૧ માર્ચે ચોકીદાર મુહિમની સાથે જોડાવવા આહ્વાન કર્યું

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ લોકસભા ચૂંટણીનો ખૂબ જ આક્રમક અંદાજમાં પ્રચાર શરૂ કરી દીધો છે. પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના ટ્વિટર હેન્ડલ પરથી એક વીડિયો રજૂ કરી 'મેં ભી ચોકીદાર' મુહિમની શરૂઆત કરી છે. આ વીડિયોમાં કેન્દ્ર સરકારના કાર્યનો ઉલ્લેખ કર્યો છે. વીડિયોના અંતમાં ૩૧મી માર્ચના રોજ સાંજે ૬ વાગ્યે પીએમ મોદી સાથે જોડાવાનું આહ્વાન કર્યું છે.

જ્યારે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાયુ ત્યારે ભાજપ તરફથી ચા વાળાના નારાને આખા દેશમાં ગૂંજતો કરવામાં આવ્યો હતો. અને ત્યારના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ દેશભરમાં ચૂંટણી સભાઓમાં 'એક ચાવાળો' સંબોધનથી વિપક્ષ પર આક્રમક પ્રહારો કર્યા હતા. ત્યારે હવે ૨૦૧૯ની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઇ ચૂક્યુ છે ત્યારે ભાજપે નવો નવો મેં ભી ચોકીદારની શરુઆત કરી છે.

પીએમે ટ્વીટ કરી કહ્યું , 'તમારો ચોકીદાર ડગ્યા વગર ઉભો છે અને દેશની સેવા કરી રહ્યો છે. પરંતુ અહીં હું એકલો નથી. દરેક વ્યક્તિને



ભ્રષ્ટાચાર, ગંદકી, સામાજિક બુરાઇથી લડી રહ્યો છું તે ચોકીદાર છે. જે પણ દેશના વિકાસ માટે કામ કરી રહ્યા છે તે ચોકીદાર છે. આજે દરેક ભારતીય કહી રહ્યા છે #MainBhichowkidar'.

પીએ મોદીએ ટ્વિટર પર ૩.૪૫ મિનિટનો વીડિયો રજૂ કર્યો છે. આ વીડિયોમાં સરકારના કામોને પણ દેખાડ્યા છે. વીડિયોના અંતમાં પણ ચોકીદાર મુહિમની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ૩૧મી માર્ચના રોજ સાંજે ૬ વાગ્યે જોડાવાનું આહ્વાન કર્યું છે. આ કેમ્પેઇનમાં જોડાનારને પીએમ મોદી વ્યક્તિગત રીતે જવાબ આપશે.

ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી વારંવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર 'ચોકીદાર ચોર હૈ'ના આરોપ મૂકતા રહ્યાં છે. ત્યારે પીએમ મોદીએ તેની સામે કેમ્પેઇન કર્યું લોન્ચ.

રેલીઓ અને રોડ શો દરમિયાન કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી વારંવાર રાફેલ ફાઇટર ડીલનો ઉલ્લેખ કરીને મોદી ભ્રષ્ટાચારી હોવાનું જણાવે છે. રાહુલ ગાંધી લોકો પાસે એવા નારા પણ બોલાવડાવે છે કે ચોકીદાર ચોર હૈ. રાહુલ ગાંધીનું મોદી (ચોકીદાર) ચોર છે એવું કહેવું ઘણાંને સહ્ય નથી. તાજેતરમાં જ મહારાષ્ટ્ર રાજ્ય સુરક્ષા રક્ષક યુનિયને પોલીસને ફરિયાદ આપીને જણાવ્યું છે કે કોંગ્રેસ અધ્યક્ષે એવું કહીને તમામ ચોકીદારોનું અપમાન કર્યું છે અને તેથી તેમની સામે કેસ દાખલ કરવામાં આવે.

ભ્રષ્ટાચાર-ગંદકી સામે લડનાર અને જે પણ વ્યક્તિ ભારતનાં વિકાસ માટે તનતોડ મહેનત કરી રહ્યો છે, તે ચોકીદાર છેઃ મોદી

શું વડાપ્રધાન મોદી રાહુલ ગાંધીના ચોકીદાર ચોર હૈના નારાને મજબૂત હથિયાર બનાવ્યો..!!

કોંગ્રેસ અધ્યક્ષે દહેરાદૂનમાં જનસભા સંબોધિત મોદી પર પ્રહારો કર્યા

જીએસટી મોદીની ભયંકર ભૂલ, હું તેમના વતી માફી માગું છુંઃ રાહુલ

દહેરાદૂન

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉત્તરાખંડની રાજધાન દેહરાદૂનમાં જનસભાને સંબોધિત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર રાફેલ ડીલથી લઇ જીએસટી અને કિસાન સમ્માન નિધિ યોજના પર પ્રહારો કર્યા. રાહુલ ગાંધીએ જીએસટીથી વેપારીઓને નુકસાન પહોંચ્યાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે પીએમ મોદીની આ ભયંકર ભૂલ માટે હું તમારી પાસે તેમની તરફથી માફી માંગું છું.

જીએસટીથી વેપારીઓને થતા નુકસાનનો હવાલો આપતા રાહુલ ગાંધી એ કહ્યું કે અમે ગબ્બર સિંહ ટેક્સને સાચ્ચે જ જીએસટીમાં બદલીશું, જેમાં એક સાધારણ ટેક્સ હશે. રાહુલે વેપારીઓને સંબોધિત કરતાં કહ્યું કે જીએસટીથી તેમને જે નુકસાન થયું અને જે કષ્ટ થયું છે તેના માટે હું તમારી નરેન્દ્ર મોદીની તરફથી માફી માંગું છું. તેમણે ભયંકર ભૂલ કરી છે અને અમે આ ભૂલને સાચી કરીશું.

પીએમ ખેડૂત સન્માન નિધિ યોજનાની જાહેરાત કરતા સમયે પણ રાહુલે પીએમને ઘેર્યા હતા. રાહુલે નાણામંત્રીના રૂપમાં પિયૂષ ગોયેલના બજેટ ભાષણ પર કહ્યું કે, સાંસદમાં પાંચ મિનીટ સુધી તમામ બીજેપી સાંસદોએ પીએમ મોદીની સામે જોઈને તાળીઓનો ગળગળાટ કર્યો હતો. રાહુલે કહ્યું કે, મેં ખડગેજીને પૂછ્યું કે આ લોકો તાળીઓ કેમ પાડે છે. તેમને જણાવ્યું કે ભારતનાં ખેડૂતને પ્રતિદિન ત્રણ રૂપિયા આપવાનો નિર્ણય લેવામા આવ્યો છે.

એક ચોરને તમે ૩૦ કરોડ રૂપિયા આપો છો અને ભારતના ખેડૂતને તમે એક દિવસના ફક્ત સાડા ત્રણ રૂપિયા જ,અમે ગબ્બર સિંહ ટેક્સને સાચ્ચા જીએસટીમાં બદલીશું, ચોકીદાર ચોર મોદી ભારતની બેંકોના પૈસા મૌદીઓના હવાલે કરી દીધા

૪.રાહુલે કહ્યું કે, આ જાહેરાત સાંભળીને ભાજપના તમામ સાંસદોએ પીએમ મોદી તરફ જોઈને તાળીઓ પાડી. શરમ આવવી જોઈએ આપ સૌને. એક ચોરને તમે ૩૦ કરોડ રૂપિયા આપો છો અને ભારતના ખેડૂતને તમે એક દિવસના ફક્ત સાડા ત્રણ રૂપિયા જ આપીને મજાક બનાવીને તાળીઓ પાડો છો.

૫.આટલુ જ નહી રાહુલ ગાંધીએ નીરવ મોદી અને લલિત મોદીનું ઉદાહરણ આપીને કહ્યું કે, તમામ ચોરોના નામ મોદી જ કેમ હોય છે. તેમણે આરોપ લગાવ્યો કે પીએમ મોદી ભારતની બેંકોનાં પૈસા મૌદીઓનાં હવાલે કરી દીધા છે.

આની પહેલાં જનસભાની શરૂઆતમાં રાહુલ ગાંધી એ કહ્યું કે ઉત્તરાખંડની પવિત્ર ભૂમિ પર આવી મને ખૂબ ખુશી થઈ રહી છે. સેનામાં ઉત્તરાખંડની જે ભાગીદારી છે, આખું હિન્દુસ્તાન તેનું દિલથી સ્વાગત કરે છે. પુલવામામાં સીઆરપીએફના સૈનિક શહીદ થયા. પુલવામા બ્લાસ્ટ બાદ અમે તરત કહ્યું કે કોંગ્રેસ પાર્ટી પૂરા દમની સાથે સરકાર લાગ્યા હતા.

રાહુલ ગાંધીએ રેલીને સંબોધતા વધુમાં કહ્યું કે પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપ સાંસદ બીસી ખંડુરીના વખાણ કરતાં વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે બીસી ખંડુરી ડિફેન્સ સાથે જોડાયેલી સંસદીય કમિટીના ચેરમેન હતા પરંતુ સાચું બોલતા તેમને હટાવી દીધા. આપને જણાવી દઇએ કે બીસી ખંડૂરીના દીકરા મનીષ ખંડુરી રાહુલ ગાંધીની હાજરીમાં કોંગ્રેસમાં સામેલ થઇ ગયા.

રાહુલ ગાંધી એ દેહરાદૂનની રેલીમાં ચોકીદાર ચોર હૈ ના નારા પણ લગાવ્યા. તેમણે કહ્યું કે ચાર વર્ષમાં અચ્છે દિન આવશેથી ચોકીદાર ચોર હૈના નારા લગાવ્યા.

ચાર દિવસ પહેલા બસપા છોડીને કોંગ્રેસમાં આવેલા દેવેન્દ્ર ચૌરસિયાની હત્યા

ભોપાલ

હજી ૧૨ માર્ચના રોજ જ દમોહમાં મુખ્યમંત્રી કમલનાથની હાજરીમાં બસપા છોડીને કોંગ્રેસમાં સામેલ થયેલ ૫૪ વર્ષીય દેવેન્દ્ર ચૌરસિયાની શુક્રવારના રોજ હટા વિસ્તારમાં કથિત રીતે હત્યા કરી દેવામાં આવી છે. આ મામલામાં પોલીસે દમોહની પથરિયા વિધાનસભા સીટથી બસપા ધારાસભ્ય રામબાઈના પતિ અને પરિવારના અન્ય ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધીને કેસ દાખલ કર્યો છે.

જિલ્લા પોલીસ અધિકારી રાધવેન્દ્ર સિંહે જણાવ્યું કે શુક્રવાર સવારે હટામાં પોતાના પ્લાન્ટ પર હાજર રહેલા દેવેન્દ્ર ચૌરસિયા અને તેમના પુત્ર સોમેશ ચૌરસિયા પર કેટલાક લોકોએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા દેવેન્દ્ર ચૌરસિયાને સારવાર માટે જબલપુર લઈ જતા રસ્તામાં તેમનું મોત નિપજ્યું છે. પોલીસે આ મામલામાં ગોવિંદ સિંહ (ધારાસભ્ય રામબાઈના પતિ), ચંદૂ સિંહ, ગોલૂ સિંહ, લોકેશ, શ્રીરામ શર્મા, અમજદ ખાન અને ઈન્દ્રજીત પટેલ વિરુદ્ધ કલમ ૩૨૦ (હત્યા) અને અન્ય સંબંધિત કલમો અંતર્ગત મામલો નોંધવામાં આવ્યો છે.

સાગર પોલીસ રેન્જના ડેપ્યુટી ઈન્સપેક્ટર જનરલ દીપક કુમાર વર્મા અને દમોહના જિલ્લા અધિકારી નીરજ કુમાર સિંહે હટા પહોંચીને પરિસ્થિતિ કાબુમાં લેતા ગુસ્સામાં આવેલા લોકો સાથે વાતચીત કરી.







વાંકાનેરમા બે સ્થળે દારૂના દરોડા, ચાર આરોપી મુદામાલ સાથે ઝડપાયા





ઈંગ્લીશ દારૂ, રીક્ષા સહિતનો મુદામાલ જપ્ત

વાંકાનેર પંથકમાં દેશી વિદેશી દારૂની હેરાફેરી રોકવા તાલુકા પોલીસે કમર કસી હોય જેમાં વધુ બે સ્થળેથી દારૂનો જથ્થો ઝડપી લઈને પોલીસે ચાર આરોપીની અટકાયત કરી છે તેમજ મુદામાલ જપ્ત કરાયો છે

મોરબી જીલ્લા પોલીસવડા ડો. કરનરાજ વાઘેલાની સુચના અને ડીવાયએસપી બન્નો જોશીના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પીએસઆઈ એસ એ ગોહિલની રાહબરી હેઠળની ટીમે વાંકાનેર બાઉન્ડ્રી નજીક હોન્ડા મોટરસાયકલ નંબર જીજે ૦૩ જેબી ૮૬૫૫ ને આંતરી બાઈકમાં સવારે વિપુલ ધુધા ડેરવાણીયા રહે કોમેટ સિરામિક પાસે જાંબુડિયા અને વિજય બદેશિંગ ઉર્ફે બદિયાભાઈ રાઠોડ રહે હાલ કોમેટ સિરામિક પાસે જાંબુડિયા વાળાને ઝડપી તેની પાસેથી વિદેશી દારૂનો ૧૧,૨૮૦ ની કિમતનો જથ્થો તેમજ મોટરસાયકલ સહિત ૪૬,૨૮૦ નો મુદામાલ જપ્ત કરાયો છે

જયારે અન્ય દરોડામાં વાંકાનેર બાઉન્ડ્રી પાસે વાહન ચેકિંગમાં સીએનજી રીક્ષા નં જીજે ૦૩ બીટી ૮૮૯૨ ને રોકી તલાશી લેતા દારૂ અને બીયર સહીત ૨૧૦૦ નો મુદામાલ મળી આવતા રીક્ષા સહીત ૫૨,૧૦૦ નો મુદામાલ જપ્ત કરાયો છે અને આરોપી રાજુ સુનીલ મોહિતે અને વનરાજસિંહ ઈન્દ્રસિંહ સોલંકી રહે રાજકોટ વાળાને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાણપુરની હેત વિદ્યાલયમાં વિજ્ઞાન મેળો યોજાયો વિદ્યાર્થીઓએ અલગ અલગ પ્રકારના વર્કીંગ મોડલ રજુ કર્યા







બોટાદ જીલ્લાના રાણપુર માં આવેલ હેત વિદ્યાલય ખાતે વિજ્ઞાન મેળા નુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ધોરણ-૫ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના વકલ્ગ મોડેલ પોતાની હાથે બનાવી ને રજુ કર્યા હતા.આર્યભટ્ટ હોલ, ડો.એ.પી.જે.અબ્દુલ કલામ હોલ, ડો.વિક્રમ સારાભાઈ હોલ, સી.વી.રામાનુજ હોલ, કલ્પના ચાવલા હોલ, જગદીશચંદ્ર બોઝ હોલ જેવા વિજ્ઞાનિકોના નામથી જુદા-જુદા છ વિભાગોના નામ રાખવામાં આવ્યા હતા આ વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા ટપક સિંચાઈ પધ્ધતી,મેઝીક બોક્સ, સોલાર હાઉસ, જ્વાળા મુખી, સુર્ય મંડળ જેવા ૩૦ અલગ અલગ પ્રકારના વકલ્ગ મોડલ રજુ કરવામાં આવ્યા હતા જેમાં રાણપુર પોલીસ સ્ટેશનની કૃતી જોઈ સૌ કોઈ પ્રભાવિત થયા હતા.હેત વિદ્યાલયના સંચાલક ચિરાગ આઈ ભટ્ટ તથા સ્ટાફ દ્વારા આ વિજ્ઞાન મેળા નુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ વિજ્ઞાન મેળો જોવા માટે રાણપુરના લોકો મોટી સંખ્યામાં આવ્યા હતા.

સબજેલમાં પાન-ફાકી લઈ જવાની ના પાડતા કોન્સ્ટેબલ પર હુમલો

જેતપુર

જેતપુરની સબ જેલના કોન્સ્ટેબલ જગદીશ ઘૂંઘલ પર બે શખ્સોએ હુમલો કરતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. કિશોર શેખવા અને હેમંત શેખવા નામના બે શખ્સો પોતાનો મિત્ર જેલમાં હોય પાન-ફાકી આપવા આવ્યા હતા. ત્યારે કોન્સ્ટેબલે બંનેને અંદર પાન-ફાકી નહીં લઈ જવા કહેતા બંને શખ્સો ઉશ્કેરાયા હતા અને તેમનું ગળુ દબાવી માથામાં મોબાઈલ મારી હુમલો કરી દીધો હતો. પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કોન્સ્ટેબલ જગદીશ ઘૂંઘલે જણાવ્યું હતું કે, હુમલો કરનાર બંને શખ્સોનો એક માણસ દારૂના કેસમાં લોકઅપમાં છે. આથી બંને શખ્સો ટિફિન અને પાન-ફાકી આપવા આવ્યા હતા. મેં પાન-ફાકી ન આપવા કહેતા મારો કાઠલો પકડી લીધો હતો અને કહ્યું હતું કે, તું બધાને બહું કાયદા ભણાવે છે. મારૂ ગળુ દબાવી માથામાં મોબાઈલ માર્યો હતો તેમજ મારો એક નખ કાઢી નાખ્યો છે.

ભેદી ધડાકો થતા લોકોમાં ફફડાટ, ભૂકંપની અનુભૂતિ

રાજકોટ

રાજકોટ જિલ્લાના ધોરાજી-ઉપલેટા પંથકમાં આજે બપોરે ભેદી ધડાકો થતા લોકોમાં ભય પ્રસરી ગયો હતો. આ ધડાકો ભૂકંપનો છે કે અન્ય કોઈ તે અંગે લોકો એક બીજાને પૂછપરછ કરી રહ્યા છે. આજે બપોરે ૧.૩૫ વાગ્યા આસપાસ ઉપલેટા, ધોરાજી, ઢાંક, મોટી પાનેલી, ભુતવડ, પ્રાંસલા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં એકાએક ભેદી ધડાકો થતા લોકો ઘરની બહાર દોડી ગયા હતા અને ભય પ્રસરી ગયો હતો. આ અંગે ધોરાજી નજીકના ભુતવડમાં આવેલ રામદેવપીર મંદિરના મહંત જેઠારામે જણાવ્યું હતું કે, ૧.૩૫ વાગ્યા આસપાસ ભુકંપ જેવો આંચકો અનુભવાયો હતો. જેના કારણે ભુતવડમાં કાચા મકાનોમાં ધ્રુજારી અનુભવાઈ હતી. આ ઉપરાંત ઉપલેટાના કોલકી રોડ સહિતના વિસ્તારોમાં તેમજ ધોરાજીના જુદા જુદા વિસ્તારોમાં પણ અનેક લોકોએ ભેદી ધડાકો અનુભવ્યો હતો. જો કે ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરમાં ભૂકંપ અંગે કોઈ નોંધ થઈ નથી.

યુવતીનું મોઢુ બગાડવા ૧.૩૫ લાખની સોપારી લેનાર બે આરોપીની ધરપકડ

રાજકોટ

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે સોનાના ચેઈનની લૂંટ કરનાર બે આરોપી ચેતન હસમુખભાઈ રાઠોડ અને અનમોલ રમેશભાઈ વાળાને પકડી પાડ્યા છે. પોલીસે બંને પાસેથી સોનાનો ચેઈન કિંમત રૂ.૩૦ હજાર અને બે મોબાઈલ સહિત ૩૨ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે બંને આરોપીની પૂછપરછ કરતા જણાવ્યુંહતુંકે, શહેરના નામાંકિત બિલ્ડર કમલેશ રામાણીએ નેહા નામની યુવતીનું મોઢુ બગાડવા ૧.૩૫ લાખની સોપારી આપી હતી. ચેતન અને અનમોલે જે એપાર્ટમેન્ટમાં સોનાના ચેઈનની લૂંટ કરી હતી તેએપાર્ટમેન્ટમાં નેહા પણ રહેતી હતી. નેહાનું મોઢુ બગાડવાની ઘટનાને અંજામ આપવા અફઝલ, કલ્પેશ અને જમાલ પણ સાથ આપવાના હતા. પાંચ મહિના પહેલા ચેતન અનેજમાલને કમલેશ રામાણીએ પોતાની ઓફિસ નીચે બોલાવ્યા હતા. કમલેશ અને નેહા વચ્ચે અગાઉનું મન દુખ હોય નેહા પર હુમલો કરવા અને તેનું મોઢુ બગાડવા ૩૫ હજાર રોકડા અને ૧ લાખ રૂપિયા કામ પતે ત્યારે આપવાનુંનક્કી કર્યુંહતું. આ કામ ચેતન રાઠોડ, કલ્પેશ અનેજમાલે સાથે રહીને કરવાનું હતું. બનાવ સમયે આરોપીઓ નેહાને શોધવા માટેતેના એપાર્ટમેન્ટમાં ગયા હતા પરંતુતેસમયેનેહા ન ઘરેનહોતી.

મોરબીમાં લોકસભાની ચુંટણીને લઈને હથિયાર ધારકોએ પોતાના હથિયાર જમા કરાવી દેવા જાહેરનામું

મોરબી જિલ્લા મેજીસ્ટ્રેટે બહાર પાડ્યું જાહેરનામું

લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત મોરબી જિલ્લામાં શાંતિપૂર્ણ રીતે, મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય અને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી સમગ્ર જીલ્લાના તમામ હથિયાર ધારકોને પોતાના હથિયારો સબંધકર્તા પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા મોરબી જિલ્લા મેજીસ્ટ્રેટે એક જાહેરનામા દ્વારા આદેશ કર્યો છે.

આ જાહેરનામામાં વધુમાં જણાવ્યા પ્રમાણે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા નિવારક પગલાના ભાગરૂપે વિવિધ પગલાઓ લેવા જરૂરી હોઈ જિલ્લા મેજીસ્ટ્રેટ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયાર પરવાનેદારોએ તેમજ દેશના કોઈપણ રાજ્યના કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેવા હથિયાર ધારકોને પોતાના હથિયારો સબંધકર્તા પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા. આ સમયગાળા દરમિયાન હથિયાર ખરીદ વેંચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેંચાણ કરશે તો પણ આ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી પરવાનાધારકને હથિયારની સોંપણી કરી શકશે નહી.

આ આદેશ અન્વયે મોરબી જિલ્લામાં માન્યતા ધરાવતી સીક્યુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એટીએમ તથા કરન્સી ચેસ્ટ લેવડ – દેવડ કરતા હોય તેવા હથિયારધારી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટએ ખાસ પરવાનગી આપી હોય તેમને આ આદેશ લાગુ પડશે નહી.

મોરબીમાં મહિલાઓની જાગૃતિ રંગ લાવી : ધુળેટીમાં જાહેરમાં રંગ ઉડાડવા પર પ્રતિબંધનું જાહેરનામું



જાગૃત મહિલા ગ્રુપની અસરકારક રજૂઆતને સમર્થન

ધૂળેટીના તહેવારમાં જાહેરમાં રંગ ઉડાવવાથી અકસ્માતો તેમજ લોકોની આંખમાં રંગ જતા નુકશાન થતું હોય અને છેડતીના બનાવો બનતા હોય જેને રોકવા માટે જાહેરમાં રંગ ઉડાવવા પર પ્રતિબંધ માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવા જાગૃત મહિલા ગ્રુપ દ્વારા રજૂઆત કરવામાં આવી હોય જેને ધ્યાને લઈને જીલ્લા અધિક કલેકટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે

જાગૃત મહિલા ગ્રુપ મોરબી દ્વારા કરવામાં આવેલી રજૂઆતને પગલે જીલ્લા અધિક કલેકટર કેતન જોષી દ્વારા ધૂળેટીના તહેવારને અનુલક્ષીને જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે જેમાં હોળી અને ધૂળેટીના તહેવાર નજીક હોય ત્યારે યુવાનો અને બાળકો રસ્તાઓ પર તેમજ શેરીઓમાં દોડાદોડી કરી જાહેરમાં ચાલતા ટ્રાફિકને અડચણરૂપ બને છે જે અટકાવવું જરૂરી હોય તેમજ જાહેર સુલેહ અને શાંતિ સલામતી જળવાય તેવા હેતુથી જાહેર રસ્તાઓ પર કોરા રંગ અથવા રંગ મિશ્રિત પાણી તેમજ કોઈપણ પ્રકારના પ્રવાહીઓ ફેંકવા અને સાધનો લઈ જાહેર રસ્તાઓ પર દોડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે

જાગૃત મહિલા ગ્રુપ મોરબીની રજૂઆત મુજબ ધુળેટીના તહેવારમાં જાહેર રસ્તા પર લોકો દ્વારા જાહેરમાં રંગ ઉડાવવામાં આવે છે અને રસ્તેથી નીકળતી બહેનોને રંગ ઉડાડી છેડતી કરાય છે જેને રોકવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેમાં જીલ્લા અધિક કલેકટર કેતન જોષી દ્વારા ૧૯૭૩ ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૧૪૪ હેઠળ મળેલી સત્તાની રૂએ તા. ૧૯-૦૩ થી તા. ૨૧-૦૩ સુધી જાહેર રસ્તાઓ પર રંગ અથવા રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગા જેવી વસ્તુઓ કોઈપણ પ્રકારના પ્રવાહીઓ રાહદારીઓ કે વાહન ચાલકો પર કે વાહનો પર ફેંકવા નહિ અને જાહેર માર્ગો પર ટ્રાફિકને અડચણ કે અકસ્માત સર્જાય કે કોઈને હાની થાય તેવી પ્રવૃત્તિ ટ્રાફિકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અવરોધ કરવો નહિ તેમજ અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનું વર્તન કરવું નહિ આ જાહેરનામું મોરબી જીલ્લાના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં લાગુ રહેશે જેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ભાજપા કાર્યકર્તાઓનો એક જ સુર: અડવાણીનાં સ્થાને અમિત શાહ ચૂંટણી લડે

ગાંધીનગર

લોકસભા બેઠકો માટે સેન્સ લેવાની પ્રક્રિયાનો શનિવારે અંતિમ દિવસ હતો. ૩ લોકસભા બેઠકો બારડોલી, કચ્છ અને ગાંધીનગર માટે નિરિક્ષકોએ સેન્સ લીધું, ત્યારે હવે ગાંધીનગર બેઠક ભાજપના ગઢ સમાન બેઠક છે. જ્યાં અત્યાર સુધી તો પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી સાંસદ છે, ત્યારે આ બેઠક પર કયા દાવેદારો આવશે તેના પર સૌની નજર રહશે. પરંતુ ભાજપના સૂત્રો માની રહ્યા છે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ આ બેઠક પરથી ઝંપલાવી શકે તેમ છે. આ બેઠક પર હંમેશા રાષ્ટ્રીય નેતાઓ લડતા રહ્યા છે, ત્યારે આ વખતે લાલકૃષ્ણ અડવાણી લડશે કે પછી અમિત શાહ જેવા દિગ્ગજ નેતા તે જોવાનું રહેશે. આ ચર્ચાઓ વચ્ચે ધારાસભ્ય કિશોર ચૌહાણે અમિત શાહના નામની રજૂઆત કરી છે.

ગાંધીનગર લોકસભા બેઠક માટે ધારાસભ્ય કિશોર ચૌહાણે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નામની રજૂઆત કરી છે. ત્યારે તમામ વિધાનસભાના આગેવાનોએ એક સૂર બતાવ્યો. પરંતુ ભાજપના ભીષ્મ પિતામહ કહેવાતા અને સતત છ ટર્મથી આ બેઠક પરથી ચૂંટાઈ આવતા લાલકૃષ્ણ અડવાણીનું નામ કોઈએ લીધું ન હતું. લોકસભાની ચૂંટણીની જાહેરાત બાદ અમિત શાહ અને આનંદીબેન પટેલનું નામ ચર્ચાતુ હતું, ત્યારે હવે ધારાસભ્ય અમિત શાહના નામ પર એકમત થયા છે.

અમિત શાહની જૂની વિધાનસભા અને નવી વિધાનસભા આ જ લોકસભા હેઠળ આવે છે. ધારાસભ્ય કિશોર ચૌહાણે કહ્યું કે, અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ હોવાની સાથે સ્થાનિક નેતા પણ રહ્યા છે. એટલે મેં પ્રસ્તાવ મુક્યો અને તમામ આગેવાનોએ એકસૂરે તે સ્વીકાર્યું છે. જોકે બાદમાં પત્રકારો સાથેની વાતચીતમાં નિરીક્ષકે જણાવ્યું હતું કે, અમે ઈચ્છીએ છીએ કે ગાંધીનગર બેઠક પરથી કોઈપણ રાષ્ટ્રીય નેતૃત્વ ચૂંટણી લડે શકે છે.

સ્વાઈન ફલૂનો કહેર છતાં તંત્ર લાચાર, માત્ર એક દિનમાં ૫૩ કેસ

અમદાવાદ

વહેલી સવારે અને મોડી રાતે ઠંડક જ્યારે બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે એ વચ્ચે ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈન ફલૂ પોઝિટિવના ૫૩ કેસ નોંધાયા છે. બીજી તરફ સારવાર દરમિયાન વધુ એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે.

આ સાથે જ કેલેન્ડર વર્ષ ૨૦૧૯માં અત્યાર સુધીમાં કુલ મોત ૧૨૯ને પાર થયા છે. સ્વાઈન ફલૂના મોત અને કેસ મામલે ગુજરાત અત્યારે દેશભરમાં બીજા નંબર પર આવે છે. ગુજરાતમાં સ્વાઈન ફલૂ અટકવાનું નામ લેતો નથી. રોગને કાબૂમાં લેવામાં સરકારી તંત્ર લાચાર છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૩ કેસ નોંધાયા છે તેમાં અમદાવાદ શહેર અને સુરત શહેરમાં ૧૨-૧૨ કેસ, સાબરકાંઠા ખાતે ૪ કેસ, વડોદરા શહેર અને બનાસકાંઠા ખાતે ૩-૩ કેસ, કચ્છ, આણંદ, રાજકોટ શહેર, અમદાવાદ, પાટણ અને સુરત ખાતે ૨-૨ કેસ, મહેસાણા, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ખેડા, બોટાદ અને દ્વારકા ખાતે ૧-૧ કેસ નોંધાયો છે.

રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે ડાંગના ઐતિહાસિક ડાંગ દરબારનો થયો પ્રારંભ





ડાંગ જિલ્લાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સાથે રાજા રજવાડાઓની તારીખ અને તવારિખ વર્ણવતા રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી : ડાંગના પાંચ રાજવીઓનું પાન બીડા, શાલ શાલિયાણુ અને સ્મૃતિભેટ અર્પી કરાયુ અદકેરૂ સન્માન : ડાંગની ભાતિગળ લોક સંસ્કૃતિની ઝાંખી કરાવતા ડાંગ દરબારના મેળામાં ઉમટયા ડાંગી પ્રજાજનો

આહવા

ડાંગ દરબારના ઐતિહાસિક કાર્યક્રમમાં પાંચમી વખત પધારવાની મળેલી તકને તેમના માટે અહોભાગ્ય ગણાવતા રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ, ડાંગ દરબારના કાર્યક્રમમાં પધારેલા માજી રાજવીઓ, તેમના પરિવારજનો અને પ્રજાજનોને હોળી/ધૂળેટીની શુભકામના પાઠવી હતી.

ડાંગ દરબારનો વિધિવત પ્રારંભ કરાવતા રાજ્યપાલશ્રીએ પૌરાણિક સંસ્કૃતિ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતા ડાંગ જિલ્લાની મહત્તા વર્ણવી, પ્રકૃતિની ગોદમાં વસેલા ડાંગ પ્રદેશની સાહસ, શૌર્ય, સંઘર્ષ અને બલિદાનની શૌર્યગાથાઓ સાથે ડાંગ જિલ્લો આગળ વધી રહ્યો છે તેમ જણાવ્યું હતું.

ડાંગના ગૌરવશાળી ઈતિહાસ અને આદિવાસી પ્રજાજનોની નોખી, અનોખી જીવનશૈલી, અહીની પ્રાકૃતિક સંપદા તથા નૈસર્ગિક સ્થળોને કારણે જાણિતા બનેલા ડાંગ જિલ્લામાં દેશ વિદેશના પર્યટકો વર્ષભર આવતા રહે છે, તેમ જણાવી મહામહિમશ્રીએ ડાંગના ઈતિહાસની તારીખ અને તવારિખ વર્ણવી, પોલિટિકલ પેન્શન સાથે સંકળાયેલા ઐતિહાસિક તથ્યો, અને બ્રિટિશ રાજ સાથેના ઐતિહાસિક કરારોની જાણકારી પુરી પાડી હતી.

બદલાતા વૈશ્વિક પ્રવાહો સાથે કદમતાલ મેળવીને ડાંગ અને ડાંગી સમાજ પણ તેની પૌરાણિક સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે આગળ વધી રહ્યો છે, જે અહી નવા સૂર્યોદયના સંકેત છે તેમ જણાવી રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ ડાગી પ્રજાજનોને ઉજ્જવળ ભવિષ્ની પણ શુભકામના પાઠવી હતી.

ડાંગના ઐતિહાસિક પર્વની રૂપરેખા આપતા ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે રાજ્યપાલશ્રી સહિત ડાંગના માજી રાજવીઓ, તેમના પરિવારજનો, અને પ્રજાજનોને હોળી/ધૂળેટીની શુભકામના પાઠવી, મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ ડાંગના રાજવીઓને પાન બીડા, શાલ શાલિયાણું અને સ્મૃતિભેટ અર્પણ કરી અદકેરૂ સન્માન કર્યું હતું. આ ઉપરાંત રાજભવન તરફથી પણ વિશેષ મોમેન્ટો અર્પણ કરીને રાજ્યપાલશ્રીએ રાજવીઓ પ્રત્યેનો અહોભાવ પ્રગટ કર્યો હતો. ડાંગ દરબારના રંગમંચ ઉપરથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-વધઈ દ્વારા તૈયાર કરોલી ડાંગના લોકનૃત્ય તથા લોકવાદ્યોની સી.ડી.નું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરાયુ હતું. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા મહામહિમ રાજ્યપાલશ્રીનું સ્મૃતિભેટ અર્પીને અભિવાદન કરાયુ હતું. મહાનુભાવોનું પુષ્પ અને પુસ્તકથી પણ સ્વાગત કરાયુ હતું. કાર્યક્રમના અંતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયાએ આભારવિધી આટોપી હતી.

રાજ્યપાલશ્રી સહિત માજી રાજવીઓ અને મહાનુભાવો તથા પ્રજાજનોએ ડાંગ દરબારના ઉદ્ઘાટન કાર્યક્રમ સાથે રજુ થયેલા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી પણ નિહાળી હતી. ત્યાર બાદ રાજવીઓના માનમાં અપાયેલા ભોજન સમારોહમાં પણ રાજ્યપાલશ્રી જોડાયા હતા.

સરકારી માધ્યમિક શાળાની બાળાઓની પ્રાર્થના તથા સ્વાગત ગીત સાથે શરૂ થયેલા ડાંગ દરબારના ઉદ્ઘાકટન કાર્યક્રમના ડાયર ઉપર રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી સહિત ડાંગની પ્રજાના હૃદયમાં અદકેરૂ સ્થાન ધરાવતા પાંચ રાજવીઓ, તેમના ભાઉબંધો, ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી શ્વેતા શ્રીમાળી સહિતના મહાનુભાવોએ સ્થાન શોભાવ્યુ હતું. કાર્યક્રમના ઉદ્ઘોષક તરીકે સરકારી માધ્યમિક શાળાના શિક્ષિકા શ્રીમતી બીજુબાલા પટેલ તથા તેમની ટીમે સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે નિવાસી અધિક કલેક્ટર શ્રી ટી.કે.ડામોર તથા તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. ઉલ્લેખનિય છે કે, ડાંગ દરબારના પ્રારંભ સાથે ડાંગના પાંચ માજી રાજવીઓ, તેમના ભાઉબંધો તથા નાયકોને કુલ રૂા.૨૮.૩૪ લાખનું શાલિયાણુ અર્પણ કરાયુ હતું.

ઐતિહાસિક ડાંગ દરબારની તારીખ અને તવારિખ

આહવા

વૈદિક કાળમાં દંડકારણ્ય તરીકે ઓળખાતા ડાંગ જિલ્લામાં બ્રિટિશ સમય પહેલાથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા પાંચ રાજવીઓ, અને અન્ય નાયકો કે જેમની પાસે સમૃદ્ધ અને કિંમતી જંગલો હતા, તેમની સાથે બ્રિટિશ સરકારે સૌ પ્રથમ સને ૧૮૪૨માં જંગલો પરના હક્કો અંગે કરાર કર્યા. જેમાં ઈમારતી લાકડા કાપવા, અને વન પેદાશો મેળવવા, અને તેના બદલામાં અમુક ઉચ્ચક રકમ વાર્ષિક દરે ડાંગી રાજાઓને ચુકવવી તેવુ ઠરાવવામાં આવ્યુ.

આ રકમ ડાંગી રાજાઓ, નાયકો, ભાઉબંધો અને ડાંગી આદિવાસીઓનો એક દરબાર ભરીને પાંચે રાજવીઓ અને નાયકોને એક સ્થળે ભેગા કરી, સરકારી રાજકિય પ્રતિનિધિના હસ્તે ચુકવવામાં આવતી. દરબાર ભરવાનો મુખ્ય હેતુ બધા રાજાઓને એક સાથે ભેગા કરી, તેમનો વિશ્વાસ સંપાદન કરી, સંબંધો સ્થાપિત કરવાનો હતો. ડાંગ દરબારમા રાજવીઓ, અને તેમના ભાઉબંધો ખાસ પોશાકમાં સજ્જ થઈને પુરા ઠાઠમાઠથી આવતા, અને બે ત્રણ દિવસ પડાવ નાંખીને રહેતા, તથા બ્રિટિશ પોલિટિકલ એજન્ટના હાથે કરાર મુજબની રકમ મેળવાતા, અને ગૌરવ અનુભવતા.

સને ૧૮૪૨થી ૧૯મી સદીના અંત સુધી ડાંગ દરબાર ડાંગની બહાર જુદા જુદા સ્થળોએ દર વર્ષે, અને ખાસ કરીને મે મહિનામાં ભરવામાં આવતો. આનુ મુખ્ય કારણ ડાંગનુ તે વખતનું પ્રતિકૂળ હવામાન ગણવામાં આવતુ. શરૂઆતમાં ડાંગ દરબારમાં આવતા લોકોને અનાજ, તેલ વિગેરે સીધાના રૂપમાં આપવામાં આવતુ. જે રીવાજ ડાંગ જિલ્લામાં ડાંગ દરબાર ભરવાનુ શરુ થયુ ત્યાં સુધી ચાલુ રહ્યો.

રાણી વિક્ટોરિયાને બ્રિટિશ સરકારે ભારતના મહારાણી જાહેર કર્યા તેના માનમાં ધુલિયા (મહારાષ્ટ્ર)માં સને ૧૮૭૬-૭૭માં ભરાયેલા દરબારમાં રાજાઓને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. સને ૧૮૭૯માં ડાંગમાં વનો અંગે સમજુતી થઈ, અને જંગલોને રક્ષિત અને આરક્ષિત વનોમાં વહેંચવામાં આવ્યા. જેમા આરક્ષિત વનોમાં ખેતીની મનાઈ ફરમાવવામાં આવી હતી. જેના ભાગરૂપે ૧૮૯૩માં વન ભાડા પટ્ટાની રકમ ૩૩ ટકા વધારવામા આવી. ૧૮૯૫-૯૬ તથા ૧૮૯૬-૯૭ના શિરવાડાના દરબારમાં રાજાઓએ જંગલ સીમા બાંધવા સામે વિરોધ કર્યો હતો. સને ૧૯૦૦માં પ્રથમવાર ડાંગના પ્રવેશ દ્વાર વધઈ ખાતે ડાંગ દરબાર ભરવામાં આવ્યો હતો. સને ૧૯૦૪માં વધઈ ખાતે ત્રણ વાર ડાંગ દરબાર ભરવામાં આવ્યો. જેમાં વાર્ષિક દરબાર વખતે એવુ નક્કી કરવામાં આવ્યુ કે દર વર્ષે ડાંગ દરબાર વધઈ ખાતે ભરવામાં આવશે. પરંતુ ત્યાર પછી ડાંગ દરબારનું સ્થળ આહવા ખાતે ખસેડવામાં આવ્યુ. એટલે સને ૧૯૦૫થી આજપર્યંત ડાંગ દરબાર આહવા ખાતે ભરવામાં આવે છે.

આહવા ખાતે હોળીના તહેવારના દિવસો અગાઉ ડાંગ દરબાર ભરવાનું શરુ થયુ. જેમા વનભાડા પટ્ટાની રકમ સાથે દવ રક્ષણ કામગીરી અંગેના ઈનામોની પણ વહેંચણી કરુ કરવામાં આવી. દવ રક્ષણ અને અન્ય કામગીરી માટેના ઈનામો પટેલ (મુખી)ને વાસણો, ચાંદીના ધરેણા કે પાધડી, શાલ/ધાબળાના રૂપમાં આપવામાં આવતા, અને વહિવટી કામગીરીમાં મદદરૂપ થતા કારભારી, જાગલ્યા (મદદનીશ), વિગેરેને મહેનતાણાની રકમ પણ ચુકવવામાં આવતી. ડાંગના મુખ્ય દરબારને અનુસરીને મુખીઓનો દરબાર ભરવાનુ શરુ થયુ. ત્યાર બાદ સને ૧૯૧૩ના એપ્રિલ માસમાં ભરાયેલા ડાંગ દરબારમાં દિલ્હી દરબારના ચંદ્રકો ડાંગના રાજવીઓને આપવામાં આવ્યા હતા.

વ્યક્તિગત વન સહાયકી (ભાડા પટ્ટાની રકમ)ની ચુકવણી માટે વહિવટી તંત્ર દ્વારા ડીસેમ્બર ૧૯૨૩માં વધારાનો ડાંગ દરબાર ભરવાનુ શરુ થયુ. જેમાં સને ૧૯૫૪માં જ્યારે રાજકિય સાલિયાણુ શરૂ થયુ ત્યારે મુખ્ય ડાંગ દરબારમાં સમાવેશ કરવામાં આવ્યો.

સને ૧૯૩૩ સુધી ડાંગ દરબાર રાજકિય પ્રતિનિધિના અધ્યક્ષ સ્થાને ભરવામાં આવતો. જે એપ્રિલ ૧૯૩૫માં ડાંગ રાજ્ય ભારત સરકારના સીધા શાસન હેઠળ આવતા ગુજરાત સ્ટેટ એજન્સીના વડોદરા સ્થિત ગવર્નર જનરલના પ્રતિનિધિના અધ્યક્ષ સ્થાને ભરવામાં આવતો.

વહિવટી તંત્ર દ્વારા સને ૧૯૩૫માં મુખ્ય ડાંગ દરબાર ઉપરાંત એક ખાસ જયંતિ દરબાર ભરવામાં આવ્યો. જેમાં રાજાઓ, અને નાયકોને ભાડા પટ્ટેની રકમના બોનસનું વિતરણ કરવામાં આવ્યુ. સને ૧૯૩૮માં પણ વધારાનો દરબાર ભરવામાં આવ્યો. જેમાં રાજાઓને બોનસની રકમ ચુકવવામાં આવી હતી.

સને ૧૯૪૭ સુધી ત્રણ દરબાર રાજાઓનો, પટેલો (મુખી)નો, અને વન ભાડા પટ્ટાનો દરબાર ભરવાનું ચાલુ રહ્યું. જેમા વન ભાડા પટ્ટાની રકમ, ઈનામો વિગેરેના વિતરણ અંગેનો સમય અને રીતરસમનું રાજાઓ, અને નાયકોમાં જબરૂ આકર્ષણ રહેતુ. પ્રથમ વાર્ષિક દરબાર ફેબ્રુઆરી, માર્ચ માસમાં ભરાતો, બીજો દરબાર જુનમાં, અને ત્રીજો દરબાર નવેમ્બર, ડીસેમ્બરમાં ભરાતો.

સને ૧૯૪૭માં એક કામચલાઉ શામિયાણો અગાઉની રાજકુમાર શાળાની સામે ઊભો કરીને દરબાર ભરવામાં આવ્યો. સને ૧૯૫૦માં જિલ્લા લોકલ બોર્ડના સંકુલમાં દરબાર ભરાયો. ત્યાર બાદ લોકલ બોર્ડના સંકુલના મેદાનમાં દરબાર ભરાવાનું શરૂ થયુ. વન ભાડા પટ્ટે ચુકવવામાં આવતી રકમથી ભવિષ્યમાં રાજાઓ, સમગ્ર ડાંગનો મહેસૂલી હિસ્સો સમજી ગેરસમજ ઊભી ન કરે તે હેતુથી જંગલ ભાડા પટ્ટો, જમીન મહેસૂલ, બિન ખેતી હેતુક આકારણી (કર), ચરિયાણ કર, ગન લાઈસન્સ વિગેરેની સમાવિષ્ટ રકમ એક સાથે ભાગ પાડી પાડી રાજાઓ, તેમના ભાઉબંધોમાં રાજકીય પેન્શન તરીકે વહેંચી આપવા, પુખ્ત વિચારણાને અંતે સને ૧૯૫૪માં હુકમો થયા, અને સરકાર દ્વારા ડાંગી રાજાઓને હક્કો અને સવલતો પેટે ત્રણ દરબાર ભરીને અપાતી રકમને તદર્થ ધોરણે રાજકિય સાલિયાણા તરીકે એક જ ડાંગ દરબારમાં વારસાઈ હક્કોના સ્વરૂપમાં આપવાનું નક્કી કરી, હંમેશને માટે રાજકિય મોભો, હક્કો અને સવલતો અંગે ફૈસલો કરવામાં આવ્યો. આમ, સને ૧૯૫૪થી ફરી એક જ ડાંગ દરબાર ભરવાનું શરૂ થયુ.

આઝાદી પછી નાના મોટા રજવાડાઓનું એક રાષ્ટ્રમાં વિલિનિકરણ થયા બાદ રાજાઓ, અને તેમના કુટુંબીજનોને રાજકિય સાલિયાણા બાંધી આપવામાં આવ્યા. જે ૧૯૭૦ના દાયકામાં પાછા ખેંચી લેવાયા. આ સર્વે રજવાડાઓ બ્રિટિશ સરકારની સીધી હુકૂમત હેઠળ હતા. આથી તદ્દન વિપરીત ડાંગ રાજ્ય તે પાંચ ભાગોમાં સ્વતંત્ર રાજાઓ દ્વારા અસ્તિત્વમાં હતુ. જેમાં બ્રિટિશ હુકૂમત દ્વારા તે જીતી ન શકાતા, છેવટે સને ૧૮૪૨માં બ્રિટિશ પ્રતિનિધિ સર ઓટમ દ્વારા ડાંગી રાજવીઓ સાથે વન પેદાશોના હક્ક, અને તેના ભાડા પેટે કરાર કરાયા.

અત્રે એ ઉલ્લેખનિય છે કે, બ્રિટિશ સમય દરમિયાન બ્રિટિશરો ડાંગ રાજ્યને ફોરેન જ્યુરિડિકશન એક્ટ મુજબ ફોરેન ટેરીટરી એન્ડ એડમિનિસ્ટ્રેશન તરીકે ઓળખતા હતા. આમ, બ્રિટિશ સરકાર સામે પણ અજેય રહેલા ડાંગના રાજવીઓને તેમના માન, મોભા માટે અને તેમના હક્કો અને સવલતોના બદલામાં રાજકિય પેન્શન આપવામાં આવે છે. જે આજે પણ તેઓને એનાયત કરાઈ રહ્યું છે. સને ૨૦૧૯નાં ડાંગ દરબાર દરમિયાન ડાંગના પાંચ રાજવીઓ તેમજ કિરલી, શિવબારા, અવચાર, પોળસવિહીર, પીપલાઈદેવી, વાડ્યાવન, ઝરી, ગારખડી અને બિલબારી ગામના નવ નાયકોને તથા રાજવીઓના ૬૬૮ ભાઉબંધોને અંદાજીત રૂા.૨૮.૩૪લાખની રકમ વાર્ષિક પેન્શન પેટે ચુકવવામાં આવી રહી છે.

ડાંગ દરબારના ઉદ્ઘાટન પૂર્વે આહવાના મુખ્ય માર્ગો ઉપર નિકળી રાજવીઓની શોભાયાત્રા



સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે રાજવીઓએ ઝીલ્યુ પ્રજાજનોનું અભિવાદન

આહવા

ડાંગ દરબારના ઉદ્ઘાટન કાર્યક્રમ પૂર્વે આહવાની કલેક્ટર કચેરી ખાતેથી રાજવીઓની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આહવાના મુખ્ય માર્ગ ઉપરથી પસાર થયેલી આ શોભાયાત્રા દરમિયાન શણગારેલી બગીઓમાં બિરાજમાન ડાંગના માજી રાજવીઓએ, તેમના પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યુ હતું.

રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે આહવાની નગરચર્યાએ નિકળેલા રાજવીઓએ ડાંગના પ્રજાજનોનાં હૃદયમાં રહેલા તેમના માટેના અદકેરા માન, સન્માનને નિહાળી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ખેડા જિલ્લામાં સરકારી અને ખાનગી ઈમારતો પરથી ૧૨૫૭ પોસ્ટયર્સ/બેનર્સ હટાવાયા

નડિયાદ

લોકસભા સામાન્યિ ચૂંટણી-૨૦૧૯ અન્વયે ખેડા જિલ્લાામાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચાર સંહિતાનો ચુસ્તા અમલ કરવામાં આવી રહયો છે. જિલ્લાણ ચૂંટણી તંત્ર દ્વારા રાજકીય પક્ષોના પોસ્ટહર, બેનર્સ, લખાણો હટાવવાની કામગીરી જિલ્લાંના દશ નગરપાલિકા વિસ્તાપર તેમજ તાલુકા કક્ષાએ ટીમો બનાવી ચૂંટણી જાહેર થતાની સાથે જ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરીના ભાગરૂપે જાહેર મિલ્કથતો ઉપર જોવા મળેલ ૪૨ ભીંત લખાણો, ૩૮૭ પોસ્ટનર, ૧૮૮ બેનર્સ તથા અન્યથ ૪૮૨ પ્રકારની સામગ્રી હટાવવામાં આવી છે. જયારે ખાનગી મિલ્કોત પરથી ૩૯ ભીંત લખાણો, ૭૩ પોસ્ટસર, ૨૪ બેનર્સ તેમજ અન્ય ૨૨ પ્રકારની પ્રચારાત્મપક સામગ્રી હટાવવામાં આવી હતી. આમ કુલ ૧૨૫૭ જેટલા પોસ્ટકર-બેનર્સ હટાવવામાં આવ્યા છે, તેમ આદર્શ આચાર સંહિતાના મુખ્યહ નોડલ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી કે.ડી.લાખાણીએ જણાવ્યું છે.

તંત્રી સ્થાનેથી...

ચીને મસુદને બચાવ્યો

ભારતમાં અનેક ત્રાસવાદી હુમલા માટે જવાબદાર ખતરનાક ત્રાસવાદી સંગઠનના લીડર મસુદ અઝહરે વૈશ્વિક ત્રાસવાદી તરીકે જાહેર કરવાની ભારત સહિતના દેશોની ઈચ્છા આડે ચીને ફરી એકવાર અડચણો ઉભી કરીને તેના ખતરનાક ઈરાદા જાહેર કર્યા છે. ચીન સાથે નજીકના સંબંધ સ્થાપિત કરવાના ભારતના તમામ પ્રયાસો છતાં ચીને સતત ત્રાસવાદીઓને મદદ કરીને તેના ખતરનાક ઈરાદા દર્શાવી દીધા છે. જે સાબિત કરે છે કે ત્રાસવાદના મુદ્દા પર ચીનની મદદની આશા કોઈ કિંમતે રાખી શકાય નહી. ચીનના વલણથી વિશ્વના દેશો નારાજ છે અને એકપક્ષીય રીતે મસુદ સામે પગલા લેવાની શરૂઆત કરી દીધી છે. આના કારણે ચીનની પ્રતિષ્ઠાને પણ મોટો ફટકો પડશે. તેની વિશ્વસનીયતા વિશ્વના દેશોમાં ઘટી રહી છે. તે આડકતરી રીતે ભારતની મદદ કરવા માટે તૈયાર નથી પરંતુ આના કારણે ભારતની પ્રતિષ્ઠા વધી રહી છે અને ચીનની પ્રતિષ્ઠા ઘટી રહી છે. આની સાબિતી ફ્રાન્સે આપી દીધી છે. ફ્રાન્સે તો ત્રાસવાદની સામે લડાઈમાં મજબુતી સાથે ભારતની સાથે રહીને ચીન દ્વારા વીટોનો ઉપયોગ કરવામાં આવ્યા બાદ પણ મસુદની તમામ સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કર્યો છે. સાથે સાથે યુરોપિયન ત્રાસવાદી સંગઠનોની યાદીમાં તેને સામેલ કરવા પ્રયાસો પણ શરૂ કર્યા છે. બ્રિટન, અમેરિકા અન્ય દેશો ભારતની સાથે રહ્યા છે. મસુદને હજુ સુધી ચીને ચાર વખત બચાવી લેવામાં સફળતા મળી છે. જો કે હવે તે લાંબા સમય સુધી મસુદને બચાવી શકશે નહીં. પોતાના પગલા પાછળ ચીને ટેકનિકલ મુદ્દાની દલીલ કરી છે. ચીનની દલીલ હવે લાંબા સમય સુધી ચાલે તેમ પણ નથી. ત્રાસવાદને લઈને ચીનનુ વલણ દુનિયાને હેરાન કરે તેવુ છે. ભારત દ્વારા છેલ્લા કેટલાક સમયથી મસુદને વૈશ્વિક ત્રાસવાદી તરીકે જાહેર કરવાની માગ કરે છે. ભારતની માંગને દુનિયાના તમામ દેશોનુ સમર્થન મળી રહ્યુ છે પરંતુ કમનસીબ રીતે ચીન અયોગ્ય વલણ અપનાવી રહ્યુ છે. પડોશી દેશ અલગ રાગમાં છે. હકીકત એ છે કે ચીનના આવા વલણ પાછળ તેના સ્થાનિક હેતુ રહેલા છે. પાકિસ્તાનમાં ચીને મોટા પાયે રોકાણ કરેલુ છે. મસુદની સામે કાર્યવાહીની સ્થિતીમાં તેને પાકિસ્તાનમાં નુકસાન થઈ શકે છે. પોતાના હિત માટે તે ત્રાસવાદના મુદ્દા પર પણ દુનિયાની સાથે નથી. જે સમગ્ર દુનિયા માટે કમમનસીબ છે. પાકિસ્તાન અને ચીન વચ્ચેના કેટલાક પ્રોજેક્ટ તો એક સ્તર પર ત્રાસવાદી સંગઠનોની દયા પર આધારિત છે. ચીન માને છે કે મસુદની સામે કાર્યવાહી કરવાની સ્થિતીમાં જેશના ત્રાસવાદીઓ તેની યોજના અને આ યોજનામાં કામ કરી રહેલા કર્મચારીઓને ટાર્ગેટ બનાવી શકે છે. વિશ્વના દેશોને આ બાબતની નોંધ લેવાની જરૂર છે. ચીન સારી રીતે જાણે છે કે તેની વ્યવસ્થામાં કટ્ટરપંથીઓની બોલબાલા રહેલી છે. જેથી તેની મજબુરીમાં તે આગળ વધી રહ્યુ છે. કટ્ટરપંથીઓની પાકિસ્તાનના શાસનમાં ખુબ ચાલે છે. તેમના આદેશ માનવાની સરકારને ફરજ પડે છે. ચીનનુ વલણ જે પણ હોય પરંતુ એક સભ્ય સમાજમાં કોઈ ત્રાસવાદને ટેકો આપવાને લઈને કોઈ દલીલ કરી શકે તેમ નથી. સભ્ય સમાજ ચીનના વલણને ક્યારેય ચલાવી લેશે નહીં.

એક ત્રાસવાદીને વારંવાર બચાવી લેવાની ચીનની રણનિતીથી દુનિયાના દેશ પરેશાન

કોની નૌકા પાર લાગશે તેને લઈને હાલમાં વાત કરવી ખુબ મુશ્કેલ...

બિહાર : આરપારની લડાઈ રહેશે

લોકસભાની ચૂંટણીમાં બિહારની ચૂંટણી ગણતરી ફરી એકવાર ચાવીરૂપ ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. બિહારની રાજનીતિ કેન્દ્ર સરકારમાં હમેંશા ઉપયોગી રહે છે. બિહારમાં આ વખતે પણ બદલાયેલા સમીકરણ વચ્ચે આરપારની લડાઈ રહેનાર છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે જોરદાર સપાટ બોલાવ્યો હતો અને અન્ય રાજકીય પક્ષોના સુપડા સાફ થઈ ગયા હતા. જો કે આ વખતે સ્થિતી કેટલાક અંશે બદલાઈ ગઈ છે. સાથે સાથે વિષય અને વ્યવસ્થા પણ બદલાઈ ગઈ છે. સાથી પક્ષો પણ બદલાયા છે. ભાજપ સાથે નીતિશ કુમારની પાર્ટીના ગઠબંધન બાદ વોટની ગણતરી સાફ દેખાઈ રહી છે. બિહારમાં કુલ ૪૦ લોકસભા સીટો રહેલી છે. આ ૪૦ સીટો પર ભાજપ, જેડીયુ અને રામવિલાસ પાસવાનની પાર્ટી સાથે મળીને ચૂંટણી મેદાનમાં છે. બીજી બાજુ લાલુ પ્રસાદ યાદવની પાર્ટી આરજેડી, કોંગ્રેસ અને અન્ય નાના ક્ષેત્રીય પક્ષો એક સાથે મેદાનમાં છે. એનડીએમાં બેઠકોની વહેંચણી પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ હવે ઉમેદવારોની જાહેરાત બાકી રહી છે. બિહારમાં મુખ્ય લડાઈ તો બે ગઠબંધનની વચ્ચે દેખાઈ રહી છે. નીતિશ કુમાર અને પાસવાનની સાથે ગઠબંધન ધરાવનાર ભારતીય જનતા પાર્ટીનો આધાર વધી શકે છે. છેલ્લી ચૂંટણીના આધાર પર જોવામાં આવે તો સ્થિતી વધારે સારી રહી શકે છે. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી ચૂંટણીમાં બાજપને ૨૯.૩૬ ટકા, પાસવાનની પાર્ટી એલજેપીને ૬.૫૦ ટકા અને અન્યો પાર્ટિને પણ સરેરાશ મત મળ્યા હતા. જેડીયુએ તમામ સીટો પર અલગ રીતે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય હેઠળ પાર્ટિ માત્ર બે સીટો મળી હતી. સાથે સાથે ૧૬.૦૪ ટકા મત મળ્યા હતા. બિહારની રાજનીતિ શરૂઆતથી જ



રાજકીય સમીકરણ બેસાડવા તમામ મોટા નેતાઓના પ્રયાસ : નીતિશ, પાસવાન, સુશીલ મોદી અને તેજસ્વી પર તમામની નજર રહેશે

રાષ્ટ્રીય સ્તર પર પોતાની અલગ ઓળખ ધરાવે છે. ક્યારેય જયપ્રકાશ નારાયણની સંપૂર્ણ ક્રાન્તિ બાદ કેન્દ્રમાં મોરારજી દેસાઈની સરકાર બની હતી. આ સરકારમાં જગજીવન રામ અને ત્યારબાદ ટ્રેડ યુનિયનના નેતા જ્યોર્જ ફર્નાન્ડિઝે ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. ચૂંટણી માટે બિસાત બિછાઈ ગઈ છે. આ વખતે પણ લોકસભા ચૂંટણીમાં ટક્કર તો મોદી વિરુદ્ધ અન્યો છે. આમાં પણ સાફ છે કે લાલુ યાદવ અને નીતિશ કુમારની ભૂમિકા રહેશે. મોદીની સરકાર બીજી વખત બનવાની વાત નીતિશ કુમારના મોથી નિકળી ચુકી છે. કોંગ્રેસ અને આરજેડી લોકોને ગેરમાર્ગે દોરીને આગળ વધવા માટે પ્રયાસ કરશે. નીતિશ કુમાર અને પાસવાન આરજેડીના ગાળામાં રહેલા જંગલરાજની યાદ અપાવીને બિહારના લોકો પાસે મત માંગનાર છે. નીતિશ કુમાર દ્વારા મહિલા અનામત અને વિદ્યાર્થીઓને ક્રેડિટ કાર્ડ આપવાની યોજનાના સહારે વોટ બેંક મેળવી લેવા નીતિશ કુમાર મેદાનમાં ઉતરનાર છે. લાલુ યાદવ મુસ્લિમ યાદવના સમીકરણના આધાર પર મત માંગનાર છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર અને ભાજપના લોકો દલિત પછાત વર્ગનિ અનામત આપવાના મુદ્દા પર લાભ લેવાના પ્રયાસ કરનાર છે. પોતાની અવગ ઓળક ઉભી કરી ચુકેલા નીતિશ કુમાર આ બાબત માટે પણ જાણીતા રહ્યા છે કે તેઓ પોતાના જુના સાથીઓને ક્યારેય આગળ વધવા દેતા નથી. નીતિશ કુમારની પણ કસૌટી આ લોકસભા ચૂંટણીમાં થનાર છે. કહેવાય તો એ પણ છે કે નીતિશ કુમાર પણ વડાપ્રધાન બનવાના સપના ધરાવે છે. માત્ર સમય અને સંજોગોના કારણે તેઓ શાંત રહ્યા છે. ચૂંટણી રણનિતીકાર પ્રશાંત કિશોર પાર્ટીમાં આવીને નાયબ અધ્યક્ષ બની ચુક્યા છે. બીજી બાજુ બિહારમાં આરજેડીની કમાન્ડ હવે તેજસ્વીના હાથમાં છે. લાલુ ચારા કોંભાડમાં જેલમાં પહોંચી ગયા બાદ આરજેડીની હાલત કફોડી બનેલી છે. લાલુ પહેલા કરતા વધારે સક્રિય નથી. એમ પણ કહેવામાં આવે છે કે લાલુ જેલમાંથી પણ હજુ સક્રિય છે. બિહારની ચૂંટણી પણ નિર્ણાયક બની રહેશે.

ગરમીની સિઝનમાં ભોજન વહેલી તકે ખરાબ થઈ જાય છે જેથી...

ગરમીમા ગરમ ભોજન કરવાની જરૂર

વધતી ગરમીમાં શુદ્ધ અને ગરમ ભોજન કરવા અને બહારની ચીજોને ટાળવાની સલાહ : ભોજનને સુરક્ષિત રાખવા ફ્રીજનો ઉપયોગ જરૂરી

ગરમીની સિઝન આવતાની સાથે જ ફુડ પોઈઝનિંગ અથવા તો ખોરાકી ઝેરના મામલા સતત વધી જાય છે. ફુડ પોઈઝનિંગ મોટા ભાગે ખાદ્ય ચીજવસ્તુઓ મારફતે થાય છે. દુષિત થઈ ગયેલી અને વધારે સમય સુધી પડેલી ચીજો અથવા તો બહારની ચીજો વધારે ખાવાના કારણે ફુડ પોઈઝનિંગની અસર થાય છે. ફુડ પોઈઝનિંગને સામાન્ય રીતે અથવા તો મેડીકલની ભાષામાં ફુડ બોર્ન ઈલનેસ પણ કહેવામાં આવે છે. દુષિત ખાદ્ય ચીજો ખાવાના કારણે આરોગ્યને લગતી તકલીફ વધતી રહે છે. ઈન્ફેક્શન જંતુ જેમ કે બેક્ટિરિયા, વાયરસ અને પરજીવી જેવા દુષણના કારણે ભોજન ખરાબ થઈ જાય છે. આ પ્રકારના ભોજનની સામાન્ય રીતે ખબર પડતી નથી અને આવી ચીજોનો ઉપયોગ કરી લેવામાં આવે છે જેથી ફુડ પોઈઝનિંગની અસર થઈ જાય છે. ઈન્ફેક્શનગ્રસ્ત જીવ અને તેના દ્વારા ફેલાવવામાં આવતા દુષણના કારણે ચીજો ખરાબ થઈ જાય છે. ફુડ પોઈઝનિંગની સમસ્યામાં દુષિત ભોજનની અસર વ્યક્તિની વય, આરોગ્ય અને ઈન્ફેક્શનના પ્રકાર તેમજ ઈન્ફેક્શનની અસર પર તમામ બાબતો આધારિત રહે છે. રોગ પ્રતિકારક ક્ષમતા સંપૂર્ણપણે ન હોવાના કારણે તેમા કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનની અસર વધારે રહે છે. જેથી તેમાં રોગનો ખતરો પણ વધી જાય છે. સામાન્ય રીતે જે લોકો રોગ પ્રતિકારક ક્ષમતા પ્રમાણમાં ઓછી ધરાવે છે તે લોકોને ઈન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. મોટી વયના લોકોમાં આ તકલીફ સૌથી વધારે થાય છે. કારણ કે તેમનામાં રોગ પ્રતિકારક ક્ષમતા ધીમે ધીમે ઓછી થઈ જાય છે. મોટી વયના લોકોમાં રોગ પ્રતિકારક ક્ષમતા યુવા લોકોની તુલનામાં ખુબ ઓછી રહે છે. આ લોકો પર ઈન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. સગર્ભા મહિલાઓમાં પણ ઈન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. ડાયબિટીસ, લિવર સંબંધિત રોગ અને એઈડ્સ જેવી બિમારથી ગ્રસ્ત લોકોમાં પણ ફુડ પોઈઝનિંગની સમસ્યા હોઈ શકે છે. આ ઉપરાંત જે લોકો કેન્સરની સારવાર માટે કિમિયોથેરાપી અને રેડિએશન થેરાપી લઈ રહ્યા છે અથવા તો લઈ ચુક્યા છે તે લોકોમાં પણ આની અસર થઈ શકે છે. રોગ પ્રતિકારક ક્ષમતા નબળી હોવાના કારણે કોઈ પણ બિમારી તરત જ અસર કરી જાય છે. સાવધાની અને બચાવ જ સારવારના રૂપ તરીકે છે. ફુડ પોઈઝનિંગ થવાની અસર હેઠળ પેટમાં જોરદાર દુખાવો રહે છે. સતત ઉલ્ટી થાય છે. નબળાઈનો અનુભવ થાય છે. ચક્કર આવવાની પણ દર્દી ફરિયાદ કરે છે. ફુડ પોઈઝનિંગની સમસ્યા થવા માટે મુખ્ય રીતે ત્રણ કારણો જવાબદાર રહે છે. બેક્ટિરિયાના લીધે સૌથી વધારે અસર થાય છે. ફુડ પોઈઝનિંગ થવા માટે બેક્ટિરિયા સૌથી પ્રચલિત કારણ પૈકી એક છે. તેમાં ઈ-કોલાઈ, લિક્ટોરિયા, સાલ્મોનેલા જેવી સમસ્યાને ફેલાવનાર સૌથી મુખ્ય બેક્ટિરિયા છે. પરજીવીના કારણે પણ ફુડ પોઈઝનિંગ થાય છે. આના કારણે ફુડ પોઈઝનિંગ થવાની બાબત સામાન્ય બાબત નથી. જો કે ભોજનના કારણે ફેલાતા પરજીવા ખુબ જ ખતરનાક હોય છે. આ પાચનતંત્રમાં વર્ષોસુધી રહી શકે છે. તેમની ઓળખ કરવાની કામગીરી થોડીક મુશ્કેલી ભરેલી રહે છે. કમજોર રોગ પ્રતિકારક ક્ષમતાવાળા લોકો અને સગર્ભા મહિલાઓના આંતરડામાં પરજીવાના કારણે ખુબ નુકસાન થઈ શકે છે. વાયરસના લીધે પણ ફુડપોઈઝનિંગ થઈ જાય છે. આના માટે નોરો વાયરસ સૌથી સામાન્ય હોય છે. આ ઉપરાંત સેપોવાયરસસ, રોટા વાયરસ અને એસ્ટ્રો વાયરસ પણ ફુડ પોઈઝનિંગની અસર કરે છે. લિવરને પ્રભાવિત કરનારપ હેપેટાઈટીસ એ તથા ઈ પણ એક ગંભીર બિમારી તરીકે છે. ફુડ પોઈઝનિંગથી બચવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તો બચી શકાય છે.

ગરમીની સિઝનમાં સૌથી વધારે ગરમી હોવાના કારણે ભોજન પહેલી તકે બગડી જાય છે. આવી સ્થિતીમાં શુદ્ધ અને ગરમ ભોજન તરફ વધારે પ્રાથમિકતા રાખવી જોઈએ. સાથે સાથે બહારની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ નહી. ભોજનને લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે ફ્રિજનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. માર્કેટમાં ઉપલબ્ધ રહેલી ચીજ વસ્તુઓ મોટા ભાગે ટાળવામાં આવે તે પણ જરૂરી છે. ભોજન કરતા પહેલા હાથ ખુબ સારી રીતે ધોઈ કાઢવા જોઈએ. દુધ અને અન્ય ડેરી પ્રોડક્ટસ ગરમીમાં વહેલી તકે ખરાબ થઈ જાય છે. જેથી તેમને ઓછા તાપમાનમાં ફ્રીજમાં રાખવામાં આવે તો ખરાબ થતા નથી. ગરમીની સિઝનમાં સૌથી વધારે મામલા ફુડ પોઈઝનિંગના જોવા મળે છે. કારણ કે લોકો ભાગદોડની લાઈફમાં ધ્યાન રાખ્યા વગર કેટલીક વખત બહાર પણ ઓડ્યડ ભોજન કરી લે છે.

આયુષ્યમાં ઘટાડો થાય છે : અભ્યાસ

લાંબા સમય ન બેસવા સુચન

હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી બેસી રહેવાથી આયુષમાં ઘટાડો થાય છે. અભ્યાસના તારણોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત રોગ અને ડાયાબિટીશનો ખતરો પણ અનેક ગણો વધી જાય છે. યુનિવર્સિટી ઓફ સિડનીના અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે એક દિવસમાં ૧૧ કલાક અથવા તો તેનાથી વધુસમય સુધી બેસી રહેનાર પુખ્ત વયના લોકોમાં આગામી ત્રણ વર્ષમાં મૃત્યુનો ખતરો ૪૦ ટકા સુધી વધી જાય છે. એક દિવસમાં ચાર કલાકથી ઓછા સમય સુધી બેસી રહેનાર લોકો કરતા ૧૧ કલાકથી વધુસમય સુધી બેસી રહેતા લોકોમાં ખતરો ખૂબ વધારે છે. એક નિવેદનમાં યુનિવર્સિટી ઓફ સિડની સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના પ્રોફેસરે કહ્યું છે કે મોર્નિંગ વોક અથવા તો જીમમાં જવાની બાબત પણ ખૂબ જરૂરી છે પરંતુ લાંબા સમય સુધી બેસવાની બાબત ખૂબ જ ખતરનાક છે. આનાથી ઘણા રોગનો ખતરો વધી જાય છે. તેમના જણાવ્યા મુજબ અભ્યાસના પરિણામો દર્શાવે છે કે ઘરમાં, નોકરીમાં અને ટ્રાફિકમાં લોકો બેસવામાં ઘણો સમય ગાળે છે. આને ઘટાડવામાં આવે તે જરૂરી છે. વધારે સમય સુધી ઊભા રહેવાથી અને વોકિંગ વધુ કરવાથી આ ગાળાને ઘટાડી શકાય છે. સવારમાં ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકિંગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બ્રિટિશ ચેનલ ઓફ સ્પોર્ટ્સ મેડીસીન દ્વારા તૈયાર કરવામાં આવેલા આવા જ અહેવાલમાં લાંબા સમય સુધી બેસવા અને આરોગ્ય વચ્ચે સીધા સંબંધ હોવાની વાત કરાઈ છે. દિવસમાં છ કલાક સરેરાશ ટીવી નિહાળનાર લોકોને પણ આવરી લેવામાં આવ્યા હતા. વય, ડાઈટ અને કસરતની ટેવ જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે.

પાકિસ્તાનમાં જન્મેલા ખ્વાજાએ ઓસ્ટ્રેલિયામાં લોકપ્રિયતા જગાવી

ઉસ્માન ખ્વાજા : ટેકનિકમાં કુશળ

ભારત સામે વનડેમાં બે સદી કરી પોતાની ટીમને ૧૦ વર્ષ બાદ ભારતની જમીન પર મેચો જીતાડી : કોમર્શિયલ પાયલોટનુ લાયસન્સ પણ છે

ઓસ્ટ્રેલિયાની ટીમે દસ વર્ષના લાંબા ગાળા બાદ ભારતને તેની જ જમીન પર હાર આપીને નવો ઈતિહાસ રચી દીધો છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં હાલમાં વિશ્વની સૌથી શક્તિશાળી ટીમને તેના જ ઘરમાં હાર આપીને ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર વર્લ્ડ કપમાં પોતાની દાવેદારી મજબુત કરી છે. ટ્વેન્ટી અને વનડે શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાની ટીમે ભારતમાં જીત મેળવી છે. ભારત માટે આ હાર એટલા માટે વધારે પિડાદાયક છે કે ઓસ્ટ્રેલિયાએ આ જીત તેના મુખ્ય સ્ટાર ખેલાડી સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર, તેમજ મિશેલ સ્ટાર્ક વગર હાંસલ કરી છે. અલબત્ત આ શ્રેણીમાં પેટ કમિન્સ, ઝંપા અને હેન્ડસકોમ્બની ભૂમિકા નિર્ણાયક રહી છે. જો કે જીતની આધારશીલા મુકવામાં જેની ભૂમિકા રહી છે તે છે ઓપનિંગ બેટ્સમેન ઉસ્માન ખ્વાજા. ડાબેરી બેટ્સમેને બે સદી સાથે ઓસ્ટ્રેલિયા માટે સૌથી વધારે ૩૮૩ રન બનાવ્યા છે. એટલામાં ઓછુ હોય તે ખ્વાજાએ પાંચ વન ડે મેચોની શ્રેણીમાં ચાર વખત ૫૦ રન કરતા વધારે રન કર્યા છે. તે વિન્ડીઝના ક્રિસ ગેઈલના રેકોર્ડની પણ બરોબરી કરી ચુક્યો છે. પાકિસ્તાનમાં જન્મેલા ઉસ્માન ખ્વાજા પાંચ વર્ષનો હતો ત્યારે તેના પરિવારના સભ્યો ઓસ્ટ્રેલિયા જતા રહ્યા હતા. અભ્યાસની સાથે સાથે તે તે સ્થાનિક ક્રિકેટમાં ધીમે ધીમે જોડાયો હતો. ન્યુ સાઉથ વેલ્સમાં તે ક્રિકેટમાં શિખવા લાગી ગયો હતો. ઉસીના નામથી લોકપ્રિય ઉસ્માન તારિક ખ્વાજાની કેરિયર



પોતાના સ્વાસ્થ્ય વિશે અઝહરે લખ્યુંકે, તે એ વાત વિશે વાત નથી કરવા માંગતો પરંતુ આ માત્ર એક પ્રોપાગેન્ડા છે. અઝહરે લખ્યુંકે, હું સંપૂર્ણપણે ફીટ છું. મારી કિડની અને લિવર પણ સરસ રીતે કામ કરે છે. અઝહરના દાવા મુજબ તે છેલ્લા ૧૭ વર્ષમાં એક વાર પણ હોસ્પિટલ નથી ગયો અને ન તો ઘણા વર્ષોથી ડોક્ટરની પાસે ગયો છે.

Nimit Choksi : 98983 83083 Laxesh Bhavsar : 94281 77852
JYOTI CLASSES
STD : 12 SCIENCE STD : 10 STD : 12 COMMERCE
Regular Batch Start On 22 April
ADMISSION OPEN
11 SCIENCE WILL START FROM 1 MAY
Std : 5 - 10 All Sub.(Meths, Science, Eng, S.S, Guj,)
Std : 12 Commerce (A/C, State, Eco, B.A, Eng)
Std : 12 Science (Maths, Chemistry, Physics, Biology)
Biology By Rana Sir
શકિતનગર વિસ્તારના પ્રખ્યાત Biology શિક્ષક Rana sir
હવે Zadeshwar Jyoti Classes માં તો ધો.૧૨ Science ના એડમિશન માટે આજે સર્પક કરો
TF - 34 SHREE RANG PALACE, OPP KUNJ RESI PLAZA, INOX MULTIPLEX, ZADESHWAR ROAD, BHARUCH

Sonika Choksi : 98795 24516
Khushbu Jain : 99794 78831
Bhavna Pandya : 94271 31268
ACHIVIA Academy
We Ensure Achievement
BOARD★CBSE★GSEB★ICSE
CLASSES FOR 1st TO 10th
CLASSES FOR 11th AND 12th COM.
GAURANTEED RESULTS
R K Avenue, Near Jay Julelal Hospital, Above Bank Of Baroda
Zadeshwar Chodki, Bharuch 392012
AFFILIATED BY JYOTI CLASSES

TOP PERFORMER IN BHARUCH DISTRICT EVERY YEAR
SHASHIN DAVE
M.Com. CMA (int)
SINCE 2000
Mob. 9825475507
Ph. 249244
DAVE COMMERCE CLASSES
Std. : 11th & 12th Comm.
English & Gujarati Medium
Sub : Accounts, State., Eco, B.A., English
ADMISSION OPEN FOR 11TH & 12TH COM. ENG. & GUJ. MEDIUM



As desired by Students and Parents Dave Commerce Classes is Starting a new Branch, (From April-2019) at
ORION ARCADE, NR. INOX MULTIPLEX, ZADESHWAR RD. BHARUCH

સીઝન માં ભરવાલાયક મરચું, હળદર, ધાણાજીરૂ, ગરમ મસાલો....વગેરે
જીરૂ,રાઈ, મેથી...વગેરે
વિષ્ણુભાઈ Mo. 99798 67592
શુભમભાઈ Mo. 98245 24168
જયશ્રી રામ મસાલા ભંડાર
બધા મસાલા હોલસેલ ભાવે મળશે.
રામવાટીકા ચોકડી, પુસ્તક ઘરની સામે, ખેતલા આપાની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ.

શેલ ઈડલી Parcel Point C.R. Chambers, Shital Circle, Bharuch.
Time :Mon to Sat 8am to 2pm & 7pm to 9pm (Sunday 8am to 11am & 6pm to 9pm) Mo. 7977274892
Fruit Flavored Series @ Rs. 15/- Each
MANGO RASPBERRY PINEAPPLE LYCHEE BLACKCURRANT
Fun Series @ Rs. 15/- Each
TUTIFUTI CHOCOCHOPS ORANGE CHOCOCHOPS STRAWBERRY CHOCOCHOPS MIX FRUIT JAM
Healthy Series @ Rs. 15/- Each
PALAK CARROT TOMATO CUCUMBER BEETROOT

ભરૂચ જિલ્લાનો ગણિત વિષયમાં શ્રેષ્ઠ શિક્ષણ આપતો એક માત્ર કલાસ
પટેલ મોર્ડન કલાસીસ
BHAVESH SIR - MO. 98987 03165
ENGLISH & GUJARATI MEDIUM
A REPUTED CLASSES FOR STD. 10TH, 11TH & 12TH (SCI.) MATHS
GUJCET & JEE MATHS CLASSES
Er. BHAVESH R. PATEL B.E. Mech. (1st Class)
Shining Stars of Classes
MATHS JEE PHASE-1 2019 RESULT
95.12 RAJ DHAVAL
92.08 PRAJAPATI HET
90.68 PATEL DHANANJAY
91.00 PRAJAPATI RIDHAM
વિદ્યાર્થી તથા વાલીઓના આગ્રહને ધ્યાનમાં લઈ "પટેલ મોર્ડન કલાસીસ" ની શાખા ફેબ્રુઆરી-૨૦૧૯ થી ૩૪, શ્રી રંગ પેલેસ બીજો માળ, આઈનોક્ષ મલ્ટીપ્લેક્ષની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ પર શરૂ કરવામાં આવશે.
87.23 Rana Anuj
86.01 Patel Aniket
85.28 Parmar Urmit
85.00 Patel Om
78.56 Siddharth
78.56 Patel Faizan
78.00 Parmar Jainik
76.00 Solanki Pritesh
76.00 Kadiwala Jainish
Chem.95 Patel Priyank
Chem.90.81 Modi Bhargav
Phy.94 Patel Parth
85.00 Degama Meet
80.95 Prajapati Khusi
80.94 Rana Mihir
80.54 Parmar Cheril
ADDRESS : 42, NARMADA COMPLEX, BESIDE CENTRAL BANK OF INDIA, PANCHBATTI, BHARUCH

સફળતાની ચાવી
જ્ઞાનમંદિર કલાસીસ
કમલેશ સર
મો. 9428326854
ADMISSION ચાલુ છે.
❋ લિમિટેડ વિદ્યાર્થી
❋ પર્સનલ ટ્યુશન કલાસીસ
❋ દરેક વિદ્યાર્થી ઉપર પુરતુ ધ્યાન
ધો. ૧ થી ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)
We Believe in Quality not Quantity.....
શાખા-૧: ૪-૫ સામ્રાજય કોમ્પલેક્ષ, નર્મદાડેરીની ઉપર, જયોતિનગરની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ
શાખા-૨: ૧ લક્ષ્મીકુંજ એપાર્ટમેન્ટ, લલ્લુભાઈ ચકલા, ભરૂચ.
શાખા-૩: બી /૫૯ શ્રી હરેશ ભાઈ પટેલના બંગલામાં, બસ સ્ટેન્ટ પાસે, જલારામ સોસાયટી, શુકલતીર્થ

જોળવા ગામ પાસે ટેન્કરમાંથી કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપાયું : પાંચથી ધરપકડ

આરઆર સેલ પોલીસે ટેન્કર સહિત ૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

સુરત

પલસાણા તાલુકાના જોળવા ગામે આવેલ સાયબા મિલની સામે ખુલ્લી જગ્યામાંથી બાતમીના આધારે આરઆરસેલ પોલીસ ટીમે ટેન્કરમાંથી કેમિકલની ચોરી કરતા પાંચ ઈસમોની ધરપકડ કરી હતી. પોલીસે ચોરીનું કેમિકલ સહિત ૬૪ લાખનો મુદ્દામાલ કબજે કરી એકઈસમને વોન્ટેડ જાહેર કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોનો જણાવ્યા અનુસાર પલસાણા તાલુકા વિસ્તારમાં આરઆરસેલ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે જોળવા ગામે મા સાયબા મિલની સામે ખુલ્લી જગ્યામાં ટેન્કરમાંથી કેમિકલની ચોરી કરવાના છે. જે બાતમીના આધારે આરઆર સેલની પોલીસ ટીમ જોળવામાં સાયબા મિલનીની સામે ખુલ્લી જગ્યામાં પહોંચતા ત્યાં એક ટેન્કરમાંથી કેમિકલની ચોરી કરતા દેવીલાલ જવાહરલાલ તૈલી (રહે. મહાદેવનગર બગુમરા નહેર) ગણપતીસંહ રોડસિંહ સોલંકી (રહે. કડોદરા ચાર રસ્તા) કેવલ રામ ક્રિયારામ વર્મા (જોળવા) અમૃતલાલ જગલી પ્રસાદ વર્મા (રહે. જોળવા) અને જોગારામ દમારામ ગોદારા જાટ (રહે. પોસ્ટ ઓફિસની બાજુમાં ગાંધીધામ) મૂળ રાજસ્થાનના ઓની ધરપકડ કરી છે જ્યારે ફરાર સુરેશભાઈ રાજપૂત (રહે. ગાંધીધામ કચ્છ)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે ચોરીનું કેમિકલ સહિત ૨૬ લાખની કિંમતની ટેન્કર નંબર જીજે-૧૨બી-ડબલ્યુ-૧૪૬૦ તથા રોકડ ૫૪૦૦ રૂપિયા ૨ નંગ મોબાઈલ ૩૦૦૦ હજાર રૂપિયા અને ટેન્કરમાં ભરેલું ઈડીએ નામનું કેમિકલ ૨૦૨૮૦ કિ.ગ્રા જેની કિંમત ૩૮૩૧૪૯૬ રૂપિયા મળી કુલ ૬૪, ૫૪, ૧૭૬ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ચૂંટણી સંદર્ભે ફ્લાઈંગ સ્કવોર્ડને સ્પે.એક્ઝી. મેજીસ્ટ્રેટની સત્તા

સ્ટેટિક સર્વેલન્સ ટીમ લીડરોને વિશેષ સત્તા અપાઈ

સુરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણીઓ તથા વિધાનસભાની પેટા ચુંટણીઓ-૨૦૧૯નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ અને શાંત વાતાવરણમાં અને નાણાકીય અશિસ્ત આચર્યા વગર સંપન્ન થાય તેવા આશયથી સુરત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ વિધાનસભા મત વિસ્તારના મદદનીશ ચુંટણી અધિકારીઓ દ્વારા નિયુકત અને જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી દ્વારા બહાલી આપવામાં આવી હોય તેવા તમામ ખાસ ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમના ટીમ લીડરોને તા.૧૩/૩/૨૦૧૯થી ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે, તા.૨૩/૫/૨૦૧૯ સુધી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ હેઠળની કલમ-૪૪,૧૦૩,૧૦૪, ૧૨૯ અને કલમ ૧૪૪ હેઠળની સ્પે.એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેની સત્તાઓ આપવામાં આવી છે. આ સત્તાઓ માત્ર ચુંટણીની કામગીરી માટે જ કાર્યવાહી કરી શકશે અને હુકમથી મળેલ સત્તાનો અન્ય કોઈ દુર ઉપયોગ કરી શકાશે નહી તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત દ્વારા જણાવાયું છે.

ઉત્તર દિશાથી તેજ પવન ફૂંકાતા તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી તાપમાનમાં વધારો ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજે ઉત્તર દિશાથી ગરમ પવન ફૂંકાવાની સાથે ગરમીમાં ૨ ડિગ્રીનો વધારો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૩.૪ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૩૧.૬ ડિગ્રી નોંધાયું હતુ. ન્યુનત્તમ તાપમાન ૧૮.૮ ડિગ્રી અને હવામાં ભેજનું પ્રમાણ ૪૮ ટકા તથા હવાનું દબાણ ૧૦૧૫.૬ મિલિબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તરપૂર્વ દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

નવસારીમાં આજે અધિકત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૦ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ તાપમાન યથાવત છે. વલસાડમાં આજે સવારે અધિકત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૪.૬ ડિગ્રી નોંધાયું છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો નોંધાયો છે. ઉત્તર દિશાથી ફૂંકાઈ રહેલ પવનના લીધે ગરમીમાં વધારો થઈ રહ્યો છે.


વાપીમાં રહેતા ૫૯ વર્ષના મહેશભાઈ પટેલ લાપતા

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી સહકાર એપાર્ટમેન્ટમાં રહેતા મહેશભાઈ રમણભાઈ પટેલ તા.૭/૩/૧૯ના રોજ રાત્રે ૦-૧૫ વાગે મુંબઈ જાઉં છું કહીને ગયા બાદ આજદિન સુધી ઘરે પરત આવ્યા નથી. ગુમ થનારની ઉંમર ૫૯ વર્ષ, ચાઈ ૪.૮ ફૂટ, રંગે ઘઉંવર્ણ, આંખો કાળી, વાળ કાળા, મધ્યમ બાંધો તેમજ શરીરે પેન્ટ-શર્ટ પહેર્યું છે. જે ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે. આ વર્ણનવાળા વ્યક્તિની જો કોઈને ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.



















સુરતના વિવિધ વિસ્તારના વેપારીઓ આજે કોઈક રહસ્યમય કારણોસર અઠવાલાઈન્સ સ્થિત પો.કમિશનર કચેરીમાં પોલીસ કમિશનર સતીષ શર્માને રજૂઆત કરવા દોડી આવ્યા હતા. પોલીસ કમિશનરને મળવાનું કારણ જણાવવા વેપારીઓએ સૂચક મૌન દાખવ્યું હતું.

ઓલપાડ આરોગ્ય કેન્દ્રમાંથી દવા છાંટવાના પંપની ચોરી થઈ

બે પંપ અને ત્રણ પંખા પણ તસ્કરો ચોરી ગયા

સુરત

ઓલપાડ તાલુકાના દિહેણ ગામ ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી કોઈ અજાણ્યો ચોર ઈસમ દવા છાંટવાનો પંપ અને પંખા ચોરી કરી નાસી ગયો.

ઓલપાડ પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દિહેણ ગામમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફિસરના ક્વાર્ટર્સમાંથી ગતરોજ બપોરના સમયે કોઈ ચોર મેલેરીયાની દવા છાંટવાના બે પંપ કિંમત ૬૦૦૦ તેમજ ત્રણ પંખા કિંમત ૨૧૦૦ મળી ૮૧૦૦ની મતા ચોરી કરી નાસી ગયો હતો. આ બનાવ અંગે ગત સાંજે અશ્વિન ઉમેદ પટેલ રહે. બીઆર પાર્ક સોસાયટી, જહાંગીર પુરાનાઓ દ્વારા ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગત રોજ બપોરે ૩ થી ૩.૫૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન પ્રાથમિક કેન્દ્રમાં અવર જવર કરનારાઓની તપાસ ચાલી રહી છે.



કવિ નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કન્વેન્શન હોલમાં આયોજિત ટેબલેટ વિતરણનો કાર્યક્રમ ચૂંટણી આચાર સંહિતાના કારણે મોકૂફ રખાયો હતો. કાર્યક્રમ સ્થળે હાજર રહેલા વિવિધ કોલેજના પ્રતિનિધિઓ ટેબલેટ મેળવવા મોટી સંખ્યામાં હાજર થયા હતા પણ ટેબલેટ વિતરણ થઈ શક્યું ન હતું.

મીડિયામાં જાહેરાત આપવા પૂર્વે ચૂંટણી પંચની મંજૂરી ફરજીયાત લેવી પડશે

ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા વર્તમાનપત્રોમાં અપાતી 'પેઈડ ન્યૂઝ' પર ચૂંટણી પંચની ચાંપતી નજર

સુરત

ગુજરાત લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમિયાન ચૂંટણી લડતાં ઉમેદવારો તેમજ રાજકીય પક્ષોના પ્રચાર-પ્રસારની તમામ ગતિવિધિઓ ઉપર ચૂંટણી પંચ ઝીણવટપૂર્વક નજર રાખી નિરીક્ષણ કરી રહ્યું છે. જેની કામગીરી માટે ભારતના ચૂંટણી પંચનાં માર્ગદર્શન અનુસાર રાજ્યનાં પ્રત્યેક જિલ્લામાં મીડિયા મોનીટરીંગ એન્ડ મીડિયા સર્ટીફીકેશન (સ્ઝસ્ઝ)ની રચના કરવામાં આવી છે. ઉમેદવારો દ્વારા આપવામાં આવતી પેઇડ ન્યૂઝની બાબતો ઉપર સ્ઝસ્ઝ બાજ નજર રાખી તેનું નિરીક્ષણ કરી યોગ્ય કાર્યવાહી કરશે.

સૂરત જિલ્લા સ્તરીય માધ્યમ પ્રમાણિકરણ અને દેખરેખ સમિતિ (MCMC)ની જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના અધ્યક્ષપદે રચના કરવામાં આવી છે. જેમાં સભ્ય સચિવ તરીકે સંયુકત માહિતી નિયામકશ્રી સુરત, સભ્ય તરીકે નાયબ કલેકટર સીટી પ્રાંત, અન્ય સભ્યશ્રી ક્ષેત્રીય પ્રચાર અધિકારી તથા આકાશવાણીના સ્ટેશન ડિરેકટર સુરતની નિમણુંક કરવામાં આવી છે.

આ સમિતિ બે પ્રકારની મુખ્ય કામગીરી કરશે. આ કમિટી દ્વારા રાજકીયપક્ષો તરફથી વિજાણું માધ્યમોમાં પ્રચાર-પ્રસાર માટે તૈયાર કરવામાં આવતી જાહેરાતોને પ્રમાણીત કરવાની તથા ઉમેદવારોની તરફેણમાં ઉમેદવારો/સંસ્થા/ટેકેદારો તરફથી પ્રિન્ટ મિડીયામાં આપવામાં આવતી જાહેરાતો અંગેનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉધારવા અંગે (પેઈડ ન્યુઝ)ની કામગીરી કરવામાં આવશે. જેમાં વિજ્ઞાપનોનું પ્રમાણિકરણ તથા પેઇડ ન્યૂઝ સંબંધી તમામ ફરિયાદોની ચકાસણીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સમિતિ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ માધ્યમો સંબંધી વિનિયમોનો અમલ કરાવવામાં પણ આ સમિતિ સહાયભૂત બનશે. જિલ્લાની એમ.સી.એમ.સી.ના પેઈડ ન્યુઝના તમામ કેસોની તપાસ અથવા સ્વયં હાથ ધરી શકાય તેવા કેસોના સંદર્ભમાં ઉમેદવારોને નોટીસ ઈસ્યુ કરવાની સૂચનાઓ આપશે.

રાજકીય પક્ષોના પ્રચાર પ્રસારની તમામ ગતિવિધિઓ નજર રાખવા માટે જિલ્લા કક્ષાએ Electonic Media Monitroing Center (EMMC)ની પણ રચના કરવામાં આવી છે. રાજકીય પક્ષો, ઉમેદવારો દ્વારા ન્યુઝ ચેનલો પર આપવામાં આવતી જાહેરાતો, પેઈડ ન્યુઝ અંગે સતત ઓડિયો-વિઝયુલ દ્વારા ચેનલોનું સતત મોનીટરીગની કામગીરી આ સેન્ટરમાં કરવામાં આવશે. રાજકીય પક્ષોએ રેડિયો, ટેલિવિઝનમાં જાહેરાત આપતા પહેલા આ કમિટી પાસે મંજુરી મેળવવાની રહેશે.

બેંક એકાઉન્ટ હેક કરી બેલેન્સ ઉપાડી લેવાયું

સુરત

સલાબતપુરા વિસ્તારમાં આવેલા વીટીએમ માર્કેટ તથા અમદાવાદ રામદેવનગર ખાતે આવેલ એસબીઆઈ બેંકમાંથી રૂા. ૫૫૮૩ ઉપાડી વેપારી સાથે છેતરપિંડીની કરી અજાણ્યા આરોપીઓ ફરાર થઈ ગયો હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે આઈટી એક્ટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બેગમપુરા એપીએમસી માર્કેટ-કૃષિબજાર ખાતે શ્રવણભાઈ પટેલ નોકરી કરે છે. તેમનું એક બેન્ક એકાઉન્ટ સલાબતપુરા તથા અમદાવાદ રામદેવનગર ખાતે આવેલી એસબીઆઈમાં છે. તેમનું બેંક ખાતું ઓનલાઈન હેક કરી ખાતામાંથી ૫૫૮૩/- રૂપિયા ઉપાડી લઈ અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હતા. વેપારીએ સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈટી એકટ-૬૬ સી, ૬૬ડી, મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભેળસેળ અંગે પારડી અને પલગામના દુકાનદારો વિરદ્ધ કેસ દાખલ કરાયા

ખાદ્ય સામગ્રીઓના નમૂના ફેઈલ થતા કાનૂની કાર્યવાહી

વલસાડ

વલસાડના ખોરાક અને ઔષધ નિયમનતંત્રના ફુડ સેફટી ઓફિસર કે.જે.પટેલે પારડીના સોમનાથ ઓઈલ ડેપો, દુકાન નં.૧,૨, ને.હા.નં.૪૮ પાસેથી લીધેલા સુર બ્રાન્ડ વનસ્પતિ કંપની પેક લેબ પૃથ્થકરણ દરમિયાન સબસ્ટાન્ડર્ડ અને મીસબ્રાન્ડેડ ફુડ જણાતાં તેમની સાથે ભેળસેળનો કેસ કરાયો હતો. જ્યારે ઉમરગામ તાલુકાના પલગામ, ગંગાદેવી રોડ ઉપર મે. એસ. નરેન્દ્ર કુમાર એન્ડ કું. પાસેથી ફુલ સેફટી ઓફિસર જી.બી.પટેલે ડબલ ગજરાજ ચના દાળ ફોમ ૩૦ કે.જી. કું. પેક બેગમાંથી લીધેલો નમૂનો મીસબ્રાન્ડેડ જણાતાં તેમની સાથે એફ.એસ.એ. એક્ટ હેઠળ કેસ કરાયો હતો. તંત્ર દ્વારા માહે ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન લેવાયેલા ૨૬ નમૂનાઓ અને અગાઉના માસના બાકી ૨૮ નમૂનાઓની લેબોરેટરી ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૨૮ નમૂનાઓ પાસ અને એક નમૂનો નાપાસ જાહેર થયો હોવાનું ખોરાક અને ઔષધ નિયમનતંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા જણાવાયું છે.

બારડોલી લોકસભા બેઠક માટે ભાજપના નિરિક્ષકો સમક્ષ દાવેદારોની રજૂઆત

સાંસદ પરભુ વસાવા, ગણપતસિંહ વસાવા, દેવુભાઈ ચૌધરી, હેમલતાબેન ચૌધરી, જયરામ ગામીત, સંજય ચૌધરીની રજૂઆત

સુરત

ગુજરાતમાં આગામી ૨૩મી એપ્રિલના રોજ યોજાનારી લોકસભા ચૂંટણી માટે ભાજપા દ્વારા ગુજરાતની ૨૬ બેઠકો પર નિરીક્ષકોની પેનલ મોકલાવી મુરતિયાઓની પસંદગીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આજે બારડોલી લોકસભા બેઠકો માટે દાવજેદારી કરવામાં આવી હતી.

આજે સવારથી બારડોલી લોકસભા બેઠક માટે બારડોલી ખાતે ધુલીયા રોડ પરિશ્રમ પાર્કમાં આવેલા ભાજપા કાર્યાલય ખાતે ચૂંટણી નિરીક્ષક પૂર્ણેશભાઈ મોદી, મંગુભાઈ પટેલ અને જયોતિબેન પંડયાની પેનલ સમક્ષ દાવેદારી રજૂ કરવામાં આવી હતી. સવારથી બપોર સુધીમાં વર્તમાન સાંસદ પરભુ વસાવા (માંડવી) ગણપત વસાવા, (માંગરોળ) દેવજુભાઈ ચૌધરી (બારડોલી) હેમલતાબેન વસાવા (માંગરોળ), જયરામ ગામીત (તાપી) સંજય ચૌધરી સહિત અન્યો દ્વારા દાવેદારી કરવામાં આવી હતી.

નિરિક્ષકોની પેનલ દ્વારા આપવામાં આવનાર અહેવાલના આધારે સંભવિત નામોનીમાંથી આવતીકાલે પ્રદેશ કાર્યાલય ખાતે ત્રણ-ત્રણ નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવશે. આવતીકાલે મળનારી પ્રથમ બેઠક દરમિયાન વડોદરા, ભરૂચ, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ, વલસાડ, નવસારી, બારડોલી, સુરત, આણંદ, ખેડા એમ મળી કુલ ૧૧ બેઠકોની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ત્રણ દિવસ સુધી બેઠક કર્યા બાદ પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા ૨૦મી માર્ચના રોજ ગુજરાતની તમામ ૨૬ બેઠકો માટે ૩-૩ની યાદી બનાવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવશે જ્યાં ઉમેદવારોની આખરી યાદી બનાવી મંજૂરીની મહોર મારવામાં આવશે. ૨૧મી માર્ચના રોજ ભાજપ દ્વારા ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર થાય તેવી શક્યતા છે.

કાજોલે પ્રનૂતનને કહ્યું બેસ્ટ ઓફ લક, બંને વચ્ચે છે આ ખાસ કનેક્શન

વીતેલા જમાનાના જબરજસ્ત અભિનેત્રી નૂતનની પૌત્રી પ્રનૂતન સલમાન ખાન ફિલ્મ્સની અપકમિંગ ફિલ્મ 'નોટબુક' દ્વારા બોલીવુડમાં ડેબ્યુ કરી રહ્યા છે. ત્યારે કાજોલે પોતાના ઈનસ્ટાગ્રામ હેન્ડલર પરથી નોટબુકનું પોસ્ટર લોન્ચ કરીને પ્રનૂતનને બેસ્ટ ઓફ લક વીશ કર્યું છે. કાજોલે પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં પ્રનૂતનને ટેગ કરીને લખ્યું છે,'Best of luck to my sweet @pranutan . Genes are genes but the sweetness is all you !'

ફિલ્મ નોટબુકમાં પ્રનૂતનની સાથે સાથે ઝહીર ઈકબાલ પણ ડેબ્યુ કરી રહ્યા છે. બંને એક્ટર્સને સલમાન ખાન પોતાના પ્રોડક્શન હાઉસ દ્વારા લોન્ચ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે પ્રનૂતન દિગ્ગજ અભિનેત્રી નૂતનની પૌત્રી અને મોહનીશ બહલની પુત્રી છે.



પ્રનૂતનનું બોલીવુડ કનેક્શ માત્ર આટલું જ નથી, પરંતુ તે અભિનેત્રી કાજોલની ભત્રીજી પણ છે. એટલે જ કાજોલે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને પ્રનૂતનને બેસ્ટ ઓફ લક કહ્યું છે. કાજોલની મમ્મી તનુજા અને નૂતન બંને બહેનો છે, એટલે કાજોલ અને મોહનીશ બહલ પણ માસિયાઈ ભાઈ બહેન છે.

પ્રનૂતનની ફિલ્મ નોટબુક ૨૯ માર્ચે રિલીઝ થઈ રહી છે, ત્યારે તનુજા અને કાજોલ બંને પોતાના પરિવારની વધુ એક વ્યક્તિની એન્ટ્રીને લઈ ઉત્સાહિત છે. તનુજા અને કાજોલે બોલીવુડમાં તેનું સ્વાગત કર્યું છે. તો પ્રનૂતન પણ પોતાની ડેબ્યુ ફિલ્મને લઈ ઉત્સાહિત છે.

નીતિન કક્કર ફિલ્મ 'નોટબુક'ને કાશ્મીરની સુંદર ઘાટીઓમાં શૂટ કરી છે, જેમાં ફિરદૌસ અને કબીરની પ્રામાણિક લવ સ્ટોરીની સાથે સાથે બાળ કલાકારોની ઈનોસન્સ પણ જોવા મળશે.

લોકસભા ચૂંટણી અંગે સુરત મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા નોડલ ઓફિસરો નિમાયા

મુક્ત અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજવાની કવાયત

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૯ અંતર્ગત ભારતીય ચૂંટણીપંચ દ્વારા આદર્શ આચારસંહિતા અમલી બનાવવામાં આવી છે. ચુંટણી પ્રક્રિયા મુકત, ન્યાયી, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે સુરત વિવિધ ચુંટણી કામગીરી માટે નોડલ ઓફિસરોની નિમણુંક કરવામાં આવી છે. જે અંતર્ગત મેનપાવર મેનેજમેન્ટ માટે નોડલ ઓફિસર તરીકે એસ.ડી.વસાવા મો. ૯૭૧૨૯ ૧૬૩૨૭, ઈવીએમ/વીવીપેટ મેનેજમેન્ટ માટે એસ. ટી.ગામીત૧૬૩૨૭ મો. ૯૮૭૯૫૬૭૨૨, ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ માટે પી.એ.જોષી મો.૯૯૨૫૬૯૮૯૨૨, ટ્રેનિગ મેનેજમેન્ટ માટે જે.પી.મયાત્રા મો. ૯૭૧૨૯ ૧૬૩૨૭, મટીરીયલ્સ મેનેજમેન્ટ માટે પી.એલ.પટેલ મો. ૯૪૨૭૧ ૦૭૦૪૦, સુરત શહેર/ગ્રામ્ય માટે , એકસપેન્ડચરી મોનીટરીગ માટે હિતેશ કારીયા મો.૯૯૭૮૪ ૦૬૨૪૭, ઓબ્ઝર્વર તરીકે નોડલ ઓફિસરશ્રી પી.એમ. ચૌધરી મો. ૯૯૭૮૪ ૦૬૪૭૯, લો એન્ડ ઓર્ડર માટે શ્રી એસ. ડી.વસાવા મો.૯૯૭૮૪ ૦૫૨૨૦, બેલેટ પેપર/ડમી બેલેટ એન્ડ પોસ્ટલ બેલેટ માટે બી.એચ.પાઠક મો. ૯૮૨૫૫ ૭૧૬૦૫, મીડિયા નોડલ ઓફિસર તરીકે શ્રી બી.ડી.રાઠવા મો.૯૯૭૮૪ ૦૫૭૮૭, કોમ્પ્યુટરાઇઝેશન માટે એ.એમ. પઢીયાર, હેલ્પ લાઈન એન્ડ ફરિયાદ માટે નાયબ નિયામક વિકસતિ જાતિ, એસ.એમ.એસ. મોનીટરીગ માટે હેતલ સી.પટેલ મો.૯૯૭૮૪ ૦૮૦૭૪ તથા કે.એમ. નિનામા મો. ૯૪૨૬૨ ૨૩૦૦૬, કોમ્યુનિકેશન પ્લાન માટે શ્રી કમલેશ પટેલ મો.૯૬૮૭૩ ૩૬૨૭૩, સ્વીપની કામગીરી માટે એસ.એચ. રાજગુરૂ મો.૯૯૦૯૯ ૭૦૨૧૮, શ્રી જયેશ ગાંધી મો.૯૭૨૭૭ ૪૦૮૧૦, ભરતભાઈ ઠાકોર મો. ૯૯૭૪૯ ૨૫૯૦૭, દિવ્યાંગ મતદારો માટે શ્રી એલ.બી.પટેલ મો. ૯૭૨૪૨ ૬૯૩૮૦, માઈગ્રેટ મતદારો માટે શ્રી એસ.સી. બાભનિયા મો.૯૮૯૮૫૬૫૪૨૮ તથા એ.એસ.ગાંધી મો. ૯૪૨૬૩ ૯૫૪૭૮ની નિમણુંક કરવામાં આવી છે.

અમેરિકામાં બેસેલા હેકરે સુરતની બેંકમાંથી ૨.૨૧ લાખ ઉપાડી લીધા

આઈડીઆઈ બેંકના ગ્રાહક સાથે છેતરપિંડી

સુરત

પુણા પાટીયા આલાઈ કોમ્પ્લેક્ષ ખાતે આઈડીબીઆઈ બેંકના ખાતામાંથી ૨.૨૧ લાખ એટીએમ મારફતે ઉપાડી લઈ અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ પુણા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બિહાર ગયા જિલ્લાના વતની અને હાલમાં વેસુ નંદની ટાવર ખાતે રહેતા અમિતકુમાર મહેશકુમાર સિન્હાનું બેંક એકાઉન્ટ પુણા પાટીયા અલાઈ કોમ્પ્લેક્ષ ખાતે આવેલ આઈડીબીઆઈ બેંકમાં આવેલુ છે. અંબિકા એન્ટર પ્રાઈસ નામથી ચાલતા આ બેંક ખાતામાંથી સંજુદેવી બહેતીનો મોબાઈલ ફોન નંબર મેળવી વર્ષ ૨૦૧૭ના સમય દરમ્યાન યુએસએથી એટીએમના માધ્યમ દ્વારા ૨.૨૧ લાખ રપિયા ઉપાડી લઈ ફરાર થઈ ગયા હતા. સલાબતપુરા પોલીસ મથકમાં નોકરીયાત યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૪૨૦ તથા આઈટી એક્ટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



અડાજણ ખાતેના સંઘવી ટાવર એપાર્ટમેન્ટની ગેલરી આજે મળસ્કે ધડાકાભેર તૂટી પડતા બિલ્ડિંગના રહીશો ભૂકંપ આવ્યો હોવાની દહેશતથી રસ્તા પર ઉતરી આવ્યા હતા. સંઘવી ટાવરની તૂટી પડેલી ગેલેરીનો હિસ્સો તસવીરમાં નજરે પડે છે.

ભેસ્તાનમાં દારૂડિયા પતિ દ્વારા ચપ્પુના ઘા ઝીંકી પત્ની ઘાતકી રીતે હત્યા

પત્નીની હત્યા બાદ પતિએ જ પોલીસને ફોન કરીને જાણ કરી

સુરત

ભેસ્તાન આવાસમાં દારૂડિયા પતિએ બાળકોને કાજુ લેવા મોકલી રૂમનો દરવાજો બંધ કરીને પત્નીને ૧૨થી વધુ ઘા મારી હત્યા કરી હતી. મોબાઈલ સીમ કાર્ડને લઈ થયેલી નજીવી બોલાચાલીમાં શકીલે પત્ની સાઈનાબીની હત્યા કરી હતી. પત્નીની નિર્મમ હત્યા બાદ હત્યારા પતિએ જ પોલીસને ફોન કરી જાણ કરી હતી. જેથી પોલીસ ઘટના સ્થળે પહોંચીને આરોપીને ઝડપી લીધો હતો.

નવી સિવિલ હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ રૂમ બહાર મૃતક સાઈનાબી (ઉ.વ. ૨૬)ના પરિવારજનોએ જણાવ્યું હતું કે, ૮ વર્ષ પહેલાં જ સાઈનાના શકીલ સાથે નિકાહ થયા હતાં. લગ્ન બાદ સાઈનાને ૪ સંતાન અવતર્યા હતા. શકીલ ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ૨૪ કલાક દારૂના નશામાં રહેતો શકીલ વારંવાર પત્ની સાથે મારઝુડ કરતો હતો. શુક્રવારની મોડી રાત્રે દારૂ પીને આવેલા શકીલે સિમકાર્ડના મુદ્દે પત્ની સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ચારેય બાળકોને રૂપિયા આપી કાજુ લઈ આવવા ઘર બહાર મોકલી આપ્યા હતા. આ દરમિયાન રૂમને અંદરથી બંધ કરી પત્ની સાઈનાબી પર હુમલો કરી દીધો હતો. ૧૦ વર્ષના ભત્રીજા સામે શકીલે પત્નીને ૧૨ ઘા માર્યા હતા. બચાવવા ગયેલા ભત્રીજાના હાથે પણ એક ઘા વાગ્યો હતો. હાલ ભત્રીજો ડરી ગયો હોવાથી ઘરમાંથી બહાર નથી નીકળી રહ્યો. હત્યા બાદ શકીલે જ પોલીસ બોલાવી ગુનો કબુલ કરી સરેન્ડર થઈ ગયો હતો. હાલ પાંડેસરા પોલીસ તપાસ કરી રહી છે.

નવસારી કાલીયાવાડમાં બંધ ઘરનું તાળુ તોડી રૂા.૭૩ હજારની ચોરી

તસ્કરો રોકડા રૂપિયા અને ઘરેણા સાથે ગેસના બે સિલીન્ડરો પણ ચોરી ગયા

સુરત

નવસારીના કડીયાવાડ મિસ્ત્રી મહોલ્લામાં એક રહીશના બંધ ઘરનું કોઈ ચોર ઈસમોએ તાળુ તોડી કબાટમાં મુકેલા સોનાના દાગીના અને રોકડા ૩૫૦૦૦ તેમજ ગેસના બે સિલીન્ડર મળી કુલ ૭૩૦૦૦ રૂપિયાની ચોરી કરી જતાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નવસારીના કડીયાવાડ, મિસ્ત્રી મહોલ્લામાં રહેતાં કિંજલબેન જયેશભાઈ પટેલ હાલ રહે. કારેલી ગંગાધરા ગામ, તા.પલસાણા જિ. સુરતના બંધ મકાનને ગતરાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવી મુખ્ય દરવાજાને મારેલુ તાળુ તોડી ઘરમાં પ્રવેશી ગયા હતા અને કબાટમાં મુકેલા સોનાના બે તોલા વજનની બે બંગડીઓ કિંમત રૂા.૨૦,૦૦૦ તથા રોકડા રૂા.૩૫૦૦૦ અને ગેસ સિલીન્ડરના બે બાટલા કિંમત રૂા.૨૦૦૦ એક મીક્ષ્ચર મશીન, ૫૦૦ તથા એટીએમ કાર્ડની ચોરી કરી એટીએમમાંથી ૧૫૫૦૦ રૂપિયા ઉપાડી લઈ કુલ ૭૩૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે નવસારી ટાઉન પોલીસમાં કિંજલબેન જયેશભાઈ પટેલે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે એફએસએલ ડોગ સ્કવોર્ડની મદદ લીધી હતી અને આ અંગે વધુ તપાસ પીએસઆઈ એમબી કોકણી કરી રહ્યા છે.

નવસારી આરટીઓ દ્વારા ફોર વ્હીલ ગાડીના પસંદગીના નંબરોની હરાજી

રજીસ્ટ્રેશન કરાવી ઈ-ઓકશનમાં ભાગ લઈ શકાશે

નવસારી

આર.ટી.ઓ.કચેરી નવસારી ધ્વારા મોટરીંગ પબ્લીકના સગવડતા માટે સિલ્વર અને ગોલ્ડન નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓકશન શરૂ કરવામાં આવી છે. કચેરીમાં લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર) ના નંબરો માટેની નવી સીરીઝ GJ21-CB-0001×í GJ21-CB-9999 (ફોર વ્હીલર) ઈ-ઓકશન માટે શરૂ કરવામાં આવ્યાં છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમનાં વાહનનું રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઈ-ઓકશન માં ભાગ લઈ શકશે.

તા.૨૧/૦૩/૨૦૧૯ થી તા.૨૩/૦૩/૨૦૧૯ સુધીના રોજ ઈ-ઓકશન ઓનલાઈન માટે ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાના રહેશે અને એપ્લીકેશન કરવાની રહેશે. તા.૨૪/૦૩/૧૯ ના રોજ ઈ-ઓકશનનું બીડીંગ કરવાનું રહેશે. તા.૨૬/૦૩/૧૯ ના રોજ ફોર્મ કચેરીએ જમા કરાવવાના રહેશે. ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ ઉપર દર્શાવેલ વેબસાઈટ ઉપર જઈને સી.એન.એ.ફોર્મ વાહન ખરીદીના સાત દિવસમાં અચૂક ઓનલાઈન ભરી દેવાનું રહેશે. વાહનનાં સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારોએ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

સચીન નજીક ટ્રેનની અડફેટે અજાણ્યાનું મોત

સુરત

નવસારી રેલવે પોલીસની હદમાં આવતા સચીન સ્ટેશનની ઉત્તરે રેલવે કિમીની ૨૫૨/૧૦ ૧૨ વચ્ચે ગત રાત્રે ૮-૨૧ કલાકે અજાણ્યા ૪૫ વર્ષિય આધેડ બ્રાન્દ્રા ઉદેપુર એક્સપ્રેસ ટ્રેનની અડફેટમાં આવી જતાં ઘટના સ્થળેડ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે નવસારી રેલવે પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે ધસી જઈ તપાસ હાથ ધરી હતી. મરનાર અજાણ્યો ૪૫ વર્ષિય શખ્સ શરીરે ૫ ફૂટ ૫ પંચ, ઉંચાઈ, શ્યામ વર્ણ અને મધ્યમ બાંધો ધરાવે છે અને સફેદ લાઈટીંગવાળુ આખી બાયનું શર્ટ અને કમરમાં ડાર્ક ભૂરો પેન્ટ પહેરેલ છે. લાલ રંગનો જાંગીયો પહેરે છે અને જમણા હાથની કલાઈ પર હિન્દીમાં ભીમસિંગ લખેલ છે. જેના વાલી વારસોએ નવસારી રેલવે પોલીસના હે.કો. અરવિંદભાઈ કરસનભાઈ મહિલાનો સંપર્ક કરવા જણાવાયું છે.

ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકાયો

પ્રતિબંધ અંગે જાહેરનામું પ્રગટ કરાયું

વલસાડ

વલસાડ જિલ્લાના ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં આર.પી.એફ. ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ, વલસાડના કર્મચારીઓના તાલીમના ભાગરૂપે માર્ચ-૧૯ મહિનાની તા.૧૬ અને ૧૭ તેમજ એપ્રિલ-૧૯ માસની તા.૨૬, ૨૭ અને ૨૮ દરમિયાન રોજ સવારે ૭-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે. આ ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન કોઈપણ વ્યકિતને ઈજા ન થાય તે હેતુસર વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કમલેશ બોડરે એક જાહેરનામા દ્વારા ફાયરિંગ બટ ભીલાડ તા.ઉમરગામ જિ.વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં ઉપરોકત સમય અને તારીખે આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓને આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા ઉપર મનાઈ ફરમાવી છે. ગોળીબાર પ્રેક્ટિસ દરમિયાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા પણ જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર બનશે.

વોર્ડ નંબર ત્રણમાં ગેરકાયદે તાણી દેવાયેલા છઠ્ઠા માળનું ડીમોલીશન

મિલ્કતદાર પાસેથી ડીમોલીશન ચાર્જ પણ વસૂલાયો

સુરત

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૩, નોંધ નં.૨૫૫૬/બ/૪, ૨૫૫૬/બ/૧/બ/૧/બ/૧/અ વાળી મિલ્કતમાં મિલ્કતદાર સાબુવાલા અબ્દુલ વહાબઅબ્દુલ કાદર તથા અન્યો દ્વારા સુરત મહાનગરપાલિકાનાં મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા તા.૧૫-૩-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૪૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. સદર ડીમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૫૦ હજર, વહીવટી ચાર્જ, રૂા.૧૦ હજાર, સિક્યુરિટી ડીપોઝીટ તથા રૂા.૧૦ હજાર સી.એન્ડ.ડી.વેસ્ટ પેટે વસૂલ કરવામાં આવેલ છે.

ચૂંટણી સંદર્ભે તાપી જિલ્લામાં ફ્લાઈંગ અને સ્ટેટીક ટીમો કાર્યરત

કુલ ૧૪ ટીમો તમામ ગતિવિધિ પર વૉચ રાખશે

વ્યારા

આગામી તા. ૨૩મી, એપ્રિલના રોજ યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને તાપી જિલ્લાના ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર.એસ. નિનામાએ ભારતીય ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી ખર્ચ નિયંત્રણ દેખરેખ માટે ફલાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટિક સર્વેલન્સની ૧૪ ટીમો કાર્યરત કરવામાં આવી છે.

૨૩-બારડોલી લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ઠ તાપી જિલ્લાની બે વિધાનસભા મતવિસ્તાર ૧૭૧ વ્યારા અને ૧૭૨ નિઝરને આવરી લેતી સ્ટેટિક સર્વેલન્સની ૭ અને ફલાઈંગ સ્કવોર્ડની ૭ મળી કુલ ૧૪ ટીમોની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત આ ટીમના ટીમલીડરોને ચૂંટણીની જાહેરાત થયાથી ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે સ્પેશિયલ મેજીસ્ટ્રેરીયલ પાવર્સ પણ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા સુપરત કરવામાં આવ્યા હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જણાવાયું છે.

બારડોલી લોકસભા ચૂંટણી અંગે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ કાર્યરત

મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા કન્ટ્રોલ રૂમના નંબરો જાહેર કરાયા

વ્યારા

આગામી તા. ૨૩મી, એપ્રિલના રોજ યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને ૨૩-બારડોલી લોકસભાના ચૂંટણી અધિકારી અને તાપી જિલ્લાના કલેકટર આર.એસ.નિનામાએ કંટ્રોલ રૂમના નંબર જાહેર કર્યા છે.

ચૂંટણી અધિકારી તરફથી મળતી વિગતો અનુસાર જિલ્લા કક્ષાનો કંટ્રોલ રૂમ તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે શરૂ કરવામાં આવ્યો છે. ૧૯૫૦ નંબરના આ કંટ્રોલ રૂમ નંબરના નોડલ અધિકારી તરીકે એસ.વી. બાંભરોલિયા પી.આર.ઓ કલેકટર કચેરી, તાપી મો.નં. ૯૫૫૮૮૦૨૧૫૮, ૧૫૬-માંગરોળ વિધાનસભા મતવિભાગનો કંટ્રોલ રૂમ કંટ્રોલ રૂમ નં. ૦૨૬૨૯-૨૨૦૨૨૭ અને નોડલ અધિકારી તરીકે જી.આર. પ્રજાપતિ મો.નં. ૭૫૬૭૦ ૦૬૭૫૮, ૧૫૭- માંડવી વિધાનસભાનો કંટ્રોલ રૂમ નંબર૦૨૬૨૩-૨૨૧૦૨૩ અને નોડલ ઓફિસર શિતલ એમ બારૈયા મો.નં. ૭૦૪૩૧૦૪૦૬૩, ૧૫૮-કામરેજ વિધાનસભાનો કંટ્રોલ રૂમ નંબર ૦૨૬૨૧-૨૫૨૦૭૮ અને નોડલ અધિકારી શ્રીમતી આસ્થા સોલંકી મો.નં. ૯૪૨૭૮ ૯૧૦૦૧, ૧૬૯-બારડોલી વિધાનસભાનો કંટ્રોલ રૂમ નંબર૦૨૬૨૨-૨૩૦૦૨૪ અને નોડલ અધિકારી તરીકે મયુરીબેન મો.નં. ૯૪૨૯૯ ૩૧૫૨૮, ૧૭૦-મહુવા વિધાનસભાનો કંટ્રોલ રૂમ નંબર૦૨૬૨૫-૨૫૫૭૨૧ અને નોડલ અધિકારી મહેશભાઈ પટેલ મો.નં. ૯૨૬૫૮ ૫૬૭૮૭ છે. ૧૭૧-વ્યારા વિધાનસભાનો કંટ્રોલ રૂમ નંબર ૦૨૬૨૬-૨૨૦૫૫૧ અને નોડલ અધિકારી તરીકે ગોપાલભાઈ પરમાર મો.નં. ૯૪૨૭૧ ૫૮૩૩૭ અને ૧૭૨-નિઝર વિધાનસભાનો કંટ્રોલ રૂમ નંબર ૦૨૬૨૮-૨૪૪૦૦૬ હોવાનું ૨૩-બારડોલી લોકસભાના રિટન'ગ ઓફિસર તરફથી જણાવાયું છે.

૧૯૫૧ થી ૨૦૧૪ સુધીમાં કુલ ૧૬ વખત લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી

સુરત બેઠક પર સૌથી વધુ ૮૨.૬૩ ટકા મતદાન ૨૦૧૪ જ્યારે ઓછુ ૩૨.૨૬ ટકા મતદાન ૧૯૯૯માં નોંધાયું હતું

સુરત

આગામી તા.૨૩ એપ્રીલ-૨૦૧૯ના રાજય ભરમાં ૧૭ મી લોકસભા માટે લોકસભાની ૨૬ બેઠકો પર મતદાન થશે. લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણી પર્વમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવાર પસંદ કરતા હોય છે.

આઝાદી બાદ પ્રથમ થયેલી ૧૯૫૧ની ચુંટણીમાં સુરતની સસદીય બેઠક અસ્તિત્વમાં આવી હતી. આ લોકસભાની પ્રથમ ચુંટણીમાં ૫૭.૮૦ ટકા મતદાનની સાથે ૮,૬૧,૩૬૬ જેટલા મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આઝાદીના વર્ષ બાદ ૧૯૫૧ થી ૨૦૧૪ સુધીની લોકસભા ચૂંટણીઓમાં સુરત સંસદીય બેઠક પર સૌથી વધુ ૮૨.૬૩ ટકા મતદાન ૨૦૧૪ જયારે ઓછું ૩૨.૨૬ ટકા મતદાન ૧૯૯૯માં નોંધાયું હતું. ૨૦૦૪ની લોકસભા ૨૩,૭૭,૧૯૮ જેટલા સૌથી વધુ મતદારો નોંધાયા હતા. જેમાં ૧૩,૦૨,૨૨૬ પુરષ મતદારો તથા ૧૦,૭૪૯૭૦ સ્ત્રી મતદારો નોંધાયા હતા. જયારે ૧૯૫૭ની ચુંટણીમાં સૌથી ઓછા ૩,૭૪,૬૧૪ મતદારો નોંધાયા હતા.

૧૯૫૧ની પ્રથમ લોકસભાથી ૨૦૧૪ની લોકસભા દરમિયાન સમયાતરે નવા સીમાંકન થતા નવા મતદારોનો નોંધાયા હતા. સમગ્ર લોકસભાના કુલ મતદારો પર નજર કરીએ તો ૧૯૫૭માં ૩,૭૪,૬૧૪ મતદારો, ૧૯૬૨માં ૪,૧૭,૩૭૭ મતદારો, ૧૯૬૭માં ૪,૨૨,૧૩૮ મતદારો, ૧૯૭૧માં ૪,૬૯,૨૮૫ મતદારો ,૧૯૭૭માં ૮,૮૨,૯૬૩ મતદારો , ૧૯૮૦માં ૭,૬૦,૮૬૨ મતદારો, ૧૯૮૪માં ૯૦૫૮૩૧ મતદારો, ૧૯૮૯માં ૧૨,૮૮,૭૨૯ મતદારો, ૧૯૯૧માં ૧૪,૦૯૨૦૨ મતદારો, ૧૯૯૬માં ૧૮,૯૦૬૨૬ મતદારો, ૧૯૯૮માં ૧૯,૫૦૯૫૮ મતદારો, ૧૯૯૯માં ૧૯૫૦૯૫૮ મતદારો, ૨૦૦૪માં ૨૩,૭૭,૧૯૮ મતદારો, ૨૦૦૯માં ૧૪,૨૦,૯૬૯ મતદારો, ૨૦૧૪માં ૧૪,૮૪,૦૨૦ મતદારોતથા વર્તમાન ૨૦૧૯ની લોકસભાની સામાન્ય ચુંટણી માટે ૧૬,૩૭,૫૯૫ મતદારો નોંધાયા છે.

યુનિવર્સિટીના ટેબલેટ વિતરણ કાર્યક્રમને ચૂંટણી આચાર સંહિતાનું ગ્રહણ નડ્યું

ટેબલેટ પર વડાપ્રધાન મોદીનો ફોટો હોવાથી છેલ્લી ઘડીએ વિતરણ અટકાવી દેવાયું

સુરત

વીર નર્મદ યુનિવર્સિટી દ્વારા કોલેજોના વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામવાળા નમો ટેબલેટ વિતરણની કામગીરી આજથી શરૂ કરી હતી. ટેબલેટ ઉપર પ્રધાનમંત્રીનો ફોટો હોવાથી કોંગ્રેસના કોર્પોરેટર અસલમ સાયકલવાલા દ્વારા આચાર સંહિતા ભંગ થતી હોવાનો આરોપ કરતા યુનિએ ટેબલેટ વિતરણ અટકાવી દીધુ હતું.

કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને એક હજાર રૂપિયામાં નમો ટેબલેટ આપવાની યોજના સરકારે અમલમાં મુકી હતી. આજના ટેકનોલોજીના યુગમાં કોલેજના વિદ્યાર્થીઓ આધુનિકતા અને ટેકનોલોજીથી માહિતગાર થાય તે માટે સરકારે આ યોજના શર કરી હતી. દ.ગુ.યુનિ. સંલગ્ન ૧૦૪ કોલેજના ૧૨૫૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ૧.૨૫ કરોડ રૂપિયા કોલેજોના માધ્યમથી યુનિવર્સિટીમાં જમા કરાવી દીધા હતા. છેલ્લા છ-છ મહિના સુધી યુનિ. વિદ્યાર્થીઓને ટેબલેટ આપી શકી ન હતી. આજે યુનિ.ના વહીવટદારો દ્વારા તમામ કોલેજોના સ્ટાફને કન્વેન્શન હોલમાં ટેબલેટ લેવા માટે બોલાવ્યા હતા. ટેબલેટ ઉપર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ફોટો હોવાથી કોર્પોરેટર અસલમ સાયકલવાલા દ્વારા આ અંગે આચાર સંહિતા ભંગ થતી હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદના આધારે કુલપતિ દ્વારા યુનિવર્સિટી ખાતેથી તમામ ટેબલેટનું વિતરણ અટકાવી દેવામાં આવતા હવે લોકસભા ચૂંટણી બાદ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થઈ ગયા બાદ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરીત કરવામાં આવશે.

નર્મદા જીલ્લામાં પડી રહેલી આકરી ગરમીના કારણે સરકારી ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાયા

અચાનક પડી રહેલી આકરી ગરમીમાં વાઇરલ ઇન્ફેક્સનના દર્દીઓની સંખ્યા વધતા લોકોએ કામ વગર બહાર જવાનું ટાળ્યું



રાજપીપળા : રાજપીપળા સહીત નર્મદા જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી તાપમાનમાં અચાનક ઉછાળો આવતા શનિવારે રાજપીપળામાં ૩૮ ડિગ્રી તાપમાન જોવા મળ્યું ત્યારે આમ અચાનક ગરમીનો પારો ઉપર જતા લોકો બીમારીમાં સપડાયેલા જોવા મળ્યા જેમાં રોજ સવારે ઠંડી અને બપોરે આકરી ગરમીની બેવડી ઋતુના કારણે શરદી ખાંસી અને તાવના કેશો વધુ જોવા મળ્યા જેમાં સરકારી તેમજ ખાનગી દવાખાનાઓ દર્દીઓ થી ઉભરાયેલા છે ?યારે ાલ ગરમી આટલો પ્રકોપ હોય ઉનાળાની શરૂઆતમાંજ ગરમીનો પારો આટલો ઊંચો હોય તો આવનારા દિવસોમાં ગરમી ક્યાં પહોંચશે અને તેમાં લોકોની શું હાલત થશે એ કહેવું મુશ્કેલ છે.

જોકે ગ્લોબલ વોર્મિંગની અસર દર વર્ષે વધતી જોવા મળે છે જેનું કારણ વૃક્ષનો ખાત્મો છે ત્યારે આવનારા વર્ષોમાં ગરમી ક્યાં જશે એ કહેવું પણ મુશ્કેલ છે હાલ વૃક્ષારોપણ જેવા સરકારી કાર્યક્રમો તો જાણે ફક્ત તાયફા હોય એમ લાગે છે ત્યારે આવા સરકારી કાર્યક્રમો પર નિર્ભર રહેવા કરતા ખરેખર લોકો એ જાગૃત થઈ વૃક્ષારોપણની સાથે પ્રદુષણ અટકાવી ગ્લોબલ વોર્મિંગ જેવા ખતરાથી બચવા પહેલ કરવી જોઈએ નહિ તો આવનારા વર્ષો માં ગરમીના કારણે મોતને ભેટતા લોકો ની સંખ્યા બમણી હશે.

રાજપીપળા સિવિલની કેશ બારી દવા બારી પર પણ દર્દીઓની મોટી લાઈનોના કારણે એક બીજાનું ઈન્ફેક્સન લાગવાનો ખતરો

રાજપીપળા સિવિલ હોસ્પિટલ નાની પડતા વારંવાર દર્દીઓને કટોકટી સમયે નીચે સુવાડવાની નોબત આવતી હોય સરકારે જીતનગર બની રહેલી ૩૦૦ બેડની મોટી સરકારી હોસ્પિટલ કે જે ઘણા સમયથી કોન્ટ્રાક્ટરોની લડાઈના કારણે કોર્ટ કેસ માં ફસાયેલી છે એ બાબતે કોઈ અન્ય રસ્તો શોધી દર્દીઓને પડતી તકલીફ બાબતે ગંભીર થઈ વચલો કોઈ માર્ગ શોધી અન્ય વ્યવસ્થા કરવી જોઈએ નહીતો આ જિલ્લાની ગરીબ પ્રજા બીમારીમાં મોતના મુખમાં ધકેલાતી રહેશે.

ઈચ્છાપોરમાંથી સગીર છોકરીને પર પ્રાંતિય યુવાન ઉઠાવી ગયો

ઉત્તરાખંડના યુવક વિરુદ્ધ એટ્રોસિટી તથા અપહરણની ફરિયાદ

સુરત

ઈચ્છાપોર વિસ્તારમાં રહેતી એક સગીરાનું અપહરણ કરી ફરાર થઈ જવાનો એક બનાવ ઉત્તરાખંડના વતની અને ઈચ્છાપોર વિસ્તારમાં રહેતા એક આરોપી સામે નોંધવામાં આવતા પોલીસ એટ્રોસિટી-અપહરણનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. લગ્નની લાલચ આપી સગીરાનું અપહરણ કરાયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તરાખંડના વતની અને હાલમાં ઈચ્છાપોર વિસ્તારમાં રહેતા કર્મવીર જગમોહનસિંગ ખાનગી કંપનીમાં કામ કરે છે. ૨૧ વર્ષના આ યુવાને આ વિસ્તારમાં રહેતી એક સગીરાને લગ્નની લાલચ આપી આજથી એક મહિના પહેલાં અપહરણ કરી ફરાર થઈ ગયો હતો. શ્રમજીવી પીરવારે પોતાની પુત્રીની આગળ પાછળ તથા સગા સંબંધીઓને ત્યાં તપાસ કરતા મળી ન આવતા પરિવાર ઈચ્છાપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અપહરણ અને એટ્રોસિટીનીગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પાંચ વાહનચોરીના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢી આરોપીને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના મુજબ જીલ્લા મા મિલકત સંબંધી તેમજ વાહનચોરી ના ગુનાઓ અટકાવવા સારૂ એલ.સી.બી ના પો.સ.ઇ વાય.જી.ગઢવી તથા ટીમના માણસો અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગ મા હતા દરમ્યાન એલ.સી.બી ના પો.કો. સરફરાજને બાતમીદાર મારફતે મળેલ ચોક્કસ બાતમી આધારે અંક્લેશ્વર વાલીયા ચોકડી પાસે વોચ મા રહી પ્રકાશભાઈ ઉર્ફે પકો પ/૦ અરવિંદભાઈ ઠાકોરભાઈ વસાવા ઉ.વ.-૨૩ રહે-હાલ-જળકુંડ સરફુદ્દીન,બોરભાઠા તા-અંક્લેશવર જી-ભરૂચ મુળ રહે-કઠોદરા પારડી,નવી નગરી તા-હાંસોટ જી-ભરૂચ નાને એક મેસ્ટરો સાથે રોકી લઈ તેના કબ્જા માંની મેસ્ટ્રો બાબતે પુછપરછ કરતા કોઇ સંતોષકારક હકીકત જણાવેલ નહી જેથી તેની પાસેથી મળી આવેલ મેસ્ટ્રો કબ્જે કરી અટકાયત મા લઈ તપાસ કરતા તેની પાસેથી કબ્જે કરવામા આવેલ મેસ્ટ્રો અંક્લેશ્વર શહેર ખાતેથી ચોરી કરેલ હોવાનુ જણાયેલ બાદ પકડાયેલ ઇસમની યુક્તિ પ્રયુક્તિ પુર્વક વધુ પુછપરછ કરતા અંક્લેશ્વર વિસ્તાર તથા અંક્લેશ્વર ૬૦૮ વિસ્તાર તથા વાલીયા તેમજ હાંસોટ વિસ્તાર માથી અલગ- અલગ જગ્યાઓએથી મો.સા. ચોરી કરેલાની કબુલાત કરેલ જે આધારે કુલ-૦૫ વાહનો કબ્જે કરવામા આવેલ છે અને કુલ-૦૫ વણશોધાયેલા ગુન્હા શોધી કાઢવામા આવેલ છે.તેમજ આરોપીએ આ સિવાય જે જગ્યાએ અન્ય ચોરી કરેલાની કબુલાત કરેલ છે તેની તપાસ ચાલુ છે .

લોકસભાની ચૂંટણી પ્રક્રિયામાંથી મુકત રાખવા રાજપીપળા કોલેજના અધ્યાપકોની રજુઆત



રાજપીપળા : ગુજરાત રાજયના જુદી-જુદી કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપકોને ચૂંટણી પ્રક્રિયાની કામગીરીમાં જોડવામાં આવતા હોય છે.જેમાં અધ્યાપકો યુનિવર્સીટી દ્વારા યોજાતી પરીક્ષાઓમાં પરીક્ષાની કામગીરીમાં જોડાયેલા હોય છે.જુદી-જુદી કોલેજમાં પ્રેકટીકલ પરીક્ષાઓ યોજવાની હોય ત્યારે આ સમય દરમ્યાન ચૂંટણીઓની કામગીરી કરવાની થાય છે જેની વિધાર્થીઓના શિક્ષણ ઉપર ખૂબજ અસર થતી હોય છે. માટે વિધાર્થીઓના શિક્ષણને ધ્યાનમાં રાખીને તાજેતરમાં મહારાષ્ટ્ર સરકાર અને ઉત્તરપ્રદેશની સરકારે અધ્યાપકોને ચૂંટણી પ્રક્રિયામાં મુક્ત કર્યા છે.સુમીમકોર્ટ પણ અધ્યાપકોને ચૂંટણી પ્રક્રિયામાં જોડાવા નહિ તેવો ચુકાદો આપેલો છે ત્યારે આ બાબતે રાજપીપળાની શ્રી એમ આર આર્ટ્સ એન્ડ સાઈન્સ કોલેજના અધ્યાપકો એ શનિવારે નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારીને લેખિત રજુઆત કરી હતી કે અમને લોકસભા- ૨૦૧૯ ની ઝૂંટણીની પ્રક્રિયામાથી મુક્ત કરવામાં આવે.

પાંડેસરા ૧૩ વર્ષની બાળકી પર દુષ્કર્મ અંગે બે નરાધમો સામે ગુનો દાખલ

તબીબી રિપોર્ટ આધારેપાંડેસરા પોલીસે પોસ્કો એકટ મુજબ ફરિયાદ નોંધી

સુરત

પાંડેસરા વિસ્તારમાં એક સગીર સાથે દાદરની સીડી પર શારીરિક અડપલા કરી રૂમમાં લઈ જઈ બળાત્કાર ગુજારી ફરાર થઈ જવાનો બનાવ પાંડેસરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પાંડેસરા ભેસ્તાન ખાતે આવેલા બાલકૃષ્ણ રો હાઉસ ખાતે બંસીલાલ ઉર્ફે બઉવા શ્રીરામદાસ પાલ તથા સત્યમ રાજુ પાલ રહે છે. તેઓએ શ્રમજીવી પરિવારની એક ૧૩ વર્ષની સગીરા સાથે શારીરિક અડપલા કરી મકાનમાં લઈ જઈ બળાત્કારની ગુજારી ફરાર થઈ ગયા હતા. સગીરાએ પોતાના પરિવારને બનાવ સંદર્ભેની વાત-ચીત કરતા તેમણે સગીરાને સાથે રાખી પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર તથા પોકસો મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ગુનાવાળી જગ્યાનું નિરિક્ષણ કરી સગીરાનું મેડિકલ પરીક્ષણ કરાવવાની તજવીજ હાથ ધરી છે.

સરથાણાના લલિતભાઈના ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી બોગસ પેઢી ઉભી કરી બેંક દ્વારા કરોડોના વ્યવહાર કરાયા

ઈન્કમટેક્સ વિભાગ દ્વારા લલિતભાઈને નોટીસ મોકલાતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવી

સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા લલિતભાઈ ઠોળીયા નામના વ્યક્તિના જુના ઘરના એડ્રેસ પર એક ઈન્કમટેક્સની નોટીસ આવી હતી. પહેલી વાર તેમણે નોટિસની અવગણી હતી, જેના કારણે ઈન્કમટેક્સ દ્વારા વધુ બે વખત ૪૮ લાખ રૂપિયાની ભરપાઈ કરવાની નોટિસ આપવામાં આવતા તેઓ તે નોટિસ લઈને ઈન્કમટેક્સની ઓફિસ પર ગયા હતા. ત્યાંથી તેમને જાણવા મળ્યું હતું કે, બોમ્બે માર્કેટમાં આવેલી અલ્હાબાદ બેંકના લલીતભાઈના ખાતામાંથી કરોડો રૂપિયાનું ટ્રાન્જેક્શન કરવામાં આવ્યું હતું. વધુમા તેમને જાણવા મળ્યું કે, ખાતું ખોલવા માટે તેમના નામના ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાનકાર્ડ જેવા ડોક્યુમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેમના પુરાવાઓના આધારે બેંકમાં મેસર્સ માનસી ક્રિએશન અને મેસર્સ મહેક ફેબ્રિક નામનું ખાતું ખોલાવ્યું હતું

આ બાબતે વધારે જાણકારી મેળવવા માટે તેઓ બેંક પર પહોંચ્યા અને બેંકમાંથી તેમને જાણવા મળ્યું હતું કે, મેસર્સ માનસી ક્રિએશન અને મેસર્સ મહેક ફેબ્રિક નામનું ખાતું કેટલાક ઈસમોએ તેમના આ ડોક્યુમેન્ટનો ઉપયોગ કરીને તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ ખોલાવ્યું હતું અને તેમાથી ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૨થી લઈને ૧૪ માર્ચ, ૨૦૧૨ના સમયગાળા દરમિયાન ૧૦.૫૮ કરોડના ટ્રાન્જેક્શન કરવામાં આવ્યા હતા. જેના કારણે લલીતભાઈને ઈન્કમટેક્સની નોટિસ મળી હતી. આ સમગ્ર મામલે તેઓ છેતરાયા હોવાનું જાણ થતા લલીતભાઈ વરાછા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

અડાજણમાં સંઘવી ટાવરની ગેલેરીનો ભાગ ધડાકાભેર તૂટી પડતા લોકોમાં ભય

સુરત

અડાજણ વિસ્તારમાં આવેલા સંઘવી ટાવરની ગેલેરીનો ભાગ અચાનક ધડાકાભેર ધરાશાયી થઈ જતા બિલ્ડિંગના રહેવાસીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. શનિવારની વહેલી સવારે બનેલી આ ઘટના બાદ તમામ ફ્લેટ હોદ્દેદારો દોડીને બહાર નીકળી આવ્યા હતા. આઠ માળના બિલ્ડિંગના પહેલા માળની ગેલેરીનો આગળનો સ્લેબ તૂટી પડતા મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાની પણ નોંધાય ન હતી.

આઠ માળના ટાવરની ગેલેરી ધરાશાયી થયાની ફાયરને જાણ કરતા ફાયરના જવાનો દોડતા થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતા જોતા જ ફાયરના અધિકારીઓએ ૩૦ વર્ષ જૂના બિલ્ડીંગને તાત્કાલિક ખાલી કરાવી દીધું હતું. ફાયરના અધિકારીએ જણાવ્યું હતું કે, ઘટના લગભગ વહેલી સવારે ૨:૧૫ મિનિટે બની હોય એમ કહી શકાય છે. ઘટનાની ૫ મિનિટ પહેલા જ બિલ્ડીંગનો વોચમેન ત્યાંથી પસાર થયો હતો. જોકે, ત્યારબાદ અચાનક ગેલેરીનો ભાગ તૂટી પડ્યો હોવાનો અવાજ સાંભળી એ પણ દોડીને બહાર આવી ગયો હતો.

એપાર્ટમેન્ટના લોકોને તો કોઈ બોમ્બ બ્લાસ્ટ થયો હોવાનું કે ધરતીકંપની ઘટના સમજી ડરના મારે ઘર બહાર દોડી આવ્યા હતા. હાલ પરિસ્થિતિ સાધારણ છે, અને કાટમાળ હટાવવાનું કામ ચાલી રહ્યું છે. જો કે, હજુ પણ અમુક લોકોમાં એટલો ડર પેદા થયો છે કે, તેઓ હજુ પણ પોતાના મકાનમાં દાખલ થવાનો ઈન્કાર કરી રહ્યાં છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847
7575006848
7575006850
Whats-App Time 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847